પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૧૭, કુલ પાના:૪, તારીખ: ૦૮-૦૧-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 117 PRICE :-RS. 1.50 DATE : 08-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## નવમી બેઠક પહેલા ટ્રેક્ટર યાત્રા દ્વારા અન્નદાતાનું શક્તિ પ્રદર્શન

ન્યુ દિલ્હી,

કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલનનો આજે ૪૩મો દિવસ છે. ખેડૂત આજે દિલ્હીની ચારેય બાજુ ટ્રેક્ટર માર્ચ શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે સિંધુ બોર્ડર પર મોટી સંખ્યામાં પોલીસદળને તહેનાત કરવામાં આવ્યા છે. માર્ચ સિંધુ બોર્ડરથી ટિકરી, ટિકરીથી શાહજહાંપુર, ગાજીપુરથી પલવલ અને પલવલથી ગાજીપુર સુધી કાઢવામાં આવશે. ગાઝિયાબાદના એડીએમ શૈલેન્દ્ર કુમાર સિંહે કહ્યું કે, ખેડૂતોની માર્ચને ધ્યાનમાં રાખતા પૂરતી પોલીસ તહેનાત કરાઈ છે,





વીડિયો રેકોર્ડિંગ પણ કરાઈ રહી છે. ભારતીય ખેડૂત યૂનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે, ટ્રેક્ટર રેલી ૨૬ જાન્યુઆરીની તૈયારી છે. અમારો રૂટ અહીંથી ડાસના છે, ત્યારપછી અલીગઢ રોડ પર અમે થોભશું ત્યાં લંગર થશે પછી અમે ત્યાંથી પાછા આવીશું અને નોઈડા વાળા ટ્રેક્ટર પલવલ સુધી જશું. અમે સરકારને સમજાવવા માટે જ આવું કરી રહ્યાં છીએ. દિલ્હીની અલગ અલગ બોર્ડર પરથી ખેડૂતોનો જથ્થો કુંડલી-માનસેર-પલવલ (કેએમપી) એક્સપ્રેસ-વે માટે રવાના થઈ રહ્યો છે. ખેડૂત સંગઠન આજે ૧૧ વાગ્યાથી કેએમપી એક્સપ્રેસ વેને જામ કરશે.

જેના માટે સુરક્ષાની કડક વ્યવસ્થા કરવામાં આવી છે. કેએમપી એક્સપ્રેસ વે પર પોલીસ અને અર્ધસૈનિક દળોને મોટી સંખ્યામાં તહેનાત કરવામાં આવ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે સરકાર માગ નહીં સ્વીકારે તો ૨૬ જાન્યુઆરીએ પણ ટ્રેક્ટર પરેડ યોજાશે. આજની માર્ચ એનું જ ટ્રેલર હશે. હરિયાણાનાં ખેડૂત સંગઠનોએ દરેક ગામમાંથી ૧૦ મહિલાને ૨૬ જાન્યુઆરી માટે દિલ્હી બોલાવ્યા છે. આ જ અપીલ યુપીના ખેડૂતોની છે. ગણતંત્ર દિવસ પર ટ્રેક્ટર માર્ચનું નેતૃત્વ મહિલાઓ જ કરશે. હરિયાણાની લગભગ ૨૫૦ મહિલા ટ્રેક્ટર ચલાવવાની ટ્રેનિંગ લઈ રહી છે. ખેડૂતો અને સરકાર વચ્ચે ૪ જાન્યુઆરીએ યોજાયેલી મીટિંગનું કોઈ પરિણામ નહોતું આવ્યું અને એના માટે હવે પછીની તારીખ ૮ જાન્યુઆરી નક્કી થઈ હતી.

આગામી મીટિંગમાં કૃષિ કાયદાને પાછા લેવા અને એમએસપી માટે અલગ કાયદો બનાવવાની માગ અંગે વાત થશે. અહીં ૯મી વખતની બેઠક યોજાશે. આ પહેલાં માત્ર ૭ વખતની મીટિંગમાં ખેડૂતોની ૨ માગ પર સહમતી બની શકી હતી, બાકી તમામ બેઠકોનું કોઈ પરિણામ આવ્યું નહોતું. કૃષિ કાયદો રદ કરવાની અરજી પર સુપ્રીમ કોર્ટે બુધવારે સોલિસિટર જનરલ તુષાર મહેતા અને એટર્ની જનરલ કેકે વેણુગોપાલને કહ્યું હતું કે સ્થિતિમાં કોઈ સુધારો નથી થયો, ખેડૂતોની સ્થિતિ સમજીએ છીએ. હવે ૧૧ જાન્યુઆરીએ સુનાવણી થશે. તો પંજાબના સીએમ અમરિંદર સિંહે પણ કૃષિ કાયદા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ જવાની વાત કહી છે.

## જૂનાગઢમાં LRD જવાનો ગરબે ઘૂમ્યા: ગૃહમંત્રી જાડેજાએ આપ્યા તપાસના આદેશ

ગાંધીનગર,

રાજ્યમાં એકબાજુ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સને લઈને સરકાર અને પોલીસ દ્વારા નિયમો બનાવી સરકાર અને પ્રજાને ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે. પણ આ જ નિયમો સરકાર અને પોલીસને લાગુ પડતાં નથી. ભાજપના કાર્યક્રમો હોય કે પોલીસનાં, તેઓનાં કાર્યક્રમમાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનાં લીરેલીરાં ઉડતાં જોવા મળે છે. અને આ બંને ઉપર કોઈ કાર્યવાહી પણ કરવામાં આવતી નથી. આવો જ એક કિસ્સો જૂનાગઢથી સામે આવ્યો હતો. જેમાં



દીક્ષાંત સમારોહ પહેલાં પોલીસનાં જવાનો ગરબે ઘૂમ્યા હતા. જેના રિપોર્ટ મીડિયામાં સામે આવતાં જ પોલીસ બેડા અને ગૃહ વિભાગમાં હડકંપ મચી ગયો હતો. હવે આ મામલે જૂનાગઢ ટ્રેનિંગ સેન્ટરના ડીવાયએસપી વાણિયાનું હાસ્યાસ્પદ નિવેદન સામે આવ્યું છે. ડીવાયએસપી વાણિયાનું નિવેદન તમને જણાવીએ એ પહેલાં આ મામલે રાજ્યના એડીજીપી વિકાસ સહાયે તપાસના આદેશ આપી દીધા છે.

અને વીડિયોને આઘાતજનક ગણાવ્યો છે. તો રાજ્યના ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પણ આ મામલે તપાસના આદેશ આપ્યા છે. અને તેઓએ કહ્યું કે, ઘટના સમયે કોઈ પોલીસ અધિકારીઓ હાજર હતા કે કેમ તેની પણ તપાસ થશે. અને રિપોર્ટના આધારે કડક તપાસ કરવામાં આવશે. આ મામલે રાજ્યના એડીજીપી વિકાસ સહાયે ઘટનાની ગંભીર નોંધ લીધી છે. અને વીડિયોના આધારે તપાસના આદેશ આપ્યા છે. અને ચાર દિવસમાં રિપોર્ટ સોંપવા માટે આદેશ પણ કર્યો છે. વિકાસ સહાયે કહ્યું કે, વીડિયો ખુબ જ આઘાતજનક છે. અને ઘટનાને લઈ યોગ્ય પગલાં ભરવામાં આવશે તેવું પણ જણાવ્યું હતું.

અને હાલ વીડિયોની ખરાઈ કરવામાં આવી રહી હોવાનું કહ્યું હતું. આ ઉપરાંત તેઓએ કહ્યું કે, વીડિયોમાં પોલીસ છે કે નહીં તેની પણ તપાસ ચાલી રહી છે. તો હવે આ મામલે જૂનાગઢ ટ્રેનિંગ સેન્ટરના ડીવાયએસપી વાણિયાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. અને ટ્રેનિંગ સેન્ટર દ્વારા કાર્યક્રમ યોજાયો હોવાની પુષ્ટિ પણ કરી દેવામાં આવી છે. ટ્રેનિંગ સેન્ટરના ડીવાયએસપી વાણિયાએ કાર્યક્રમ સોશિયલ ડિસ્ટન્સ, નિયમોની સાથે કાર્યક્રમ કર્યો હોવાનો દાવો કર્યો હતો. અને સાથે જણાવ્યું હતું કે, સાત મહિનાથી તાલીમાર્થીઓ બહાર ગયા નથી અને તમામ તાલીમાર્થીઓનું રોજ ચેકિંગ કરાય છે.

## વડોદરામાં લેબોરેટરીનો બોગસ કોરોના પોઝિટિવ રિપોર્ટ બનાવનાર સામે ફરિયાદ

વડોદરા,

વડોદરા શહેરમાં લેબોરેટરીનો બોગસ કોરોના પોઝિટિવ રિપોર્ટ બનાવી તેનો ઈન્સ્યોરન્સ કંપનીમાં ઉપયોગ કરીને આર્થિક ફાયદા માટે મેડીક્લેમના નાણાં પડવાનું તરકટ રચનારા શખસ વિરૂદ્ધ લેબોરેટરીના સંચાલકે ફરિયાદ નોંધાવી હતી. આ અંગે જે.પી.રોડ પોલીસે છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા તબીબ ડો. અંકિત ઝવેરી રાધાકૃષ્ણ ચાર રસ્તા નજીક લેબોરેટરી ધરાવે છે, જેમાં કોરોના ટેસ્ટ પણ શરૂ કરવામાં આવ્યા છે. ૧૫ ડિસેમ્બરના રોજ એચડીએફસી એગ્રો હેલ્થ મેડિક્લેમ ઈન્સ્યોરન્સ કંપની તરફથી એક દર્દી નિમેષકુમાર પરમાર(રહે, લિવઈમ સેવાસી, ગોત્રી રોડ, વડોદરા)નો કોવિડ-૧૯ પોઝિટિવ ટેસ્ટ અંગેનો રિપોર્ટ ડો. રવિ




પટેલના રેફરન્સથી આવ્યો હતો. જે અંગે શંકા જતા લેબોરેટરીના ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આવી કોઈ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો કોવિડ-૧૯ ટેસ્ટ આ લેબ દ્વારા કરવામાં આવ્યો નથી અને કોવિડ-૧૯ પોઝિટિવ રિપોર્ટ આ લેબમાંથી આપવામાં આવ્યો નથી. આ અંગેની જાણ ઈન્સ્યોરન્સ કંપનીને પણ કરવામાં આવી હતી. આમ પોતાના અંગત ફાયદા માટે મેડીક્લેમના નાણાં મેળવવા બનાવટી રિપોર્ટ ઊભો કર્યો હોવાની વિગતો સપાટી પર આવી હતી. જેથી લેબોરેટરી સંચાલકે જે.પી.રોડ પોલીસ મથકે નિમેષ કુમાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## વડાપ્રધાન મોદી બજેટ સત્ર પૂર્વે દેશના ટોચના અર્થશાસ્ત્રીઓ સાથે સંવાદ કરશે

ન્યુ દિલ્હી,


વડા પ્રધાન નરેન્દ્ર મોદી બજેટ સત્ર પૂર્વે દેશના ટોચના અર્થશાસ્ત્રીઓ સાથે આવતા શુક્રવારે અને આર્થિક ક્ષેત્રના નિષ્ણાતો સાથે વર્ચ્યુઅલ બેઠકમાં ચર્ચા કરવાના છે. કોરોના વાઈરસ રોગચાળો ફેલાવાને કારણે અનેક મોરચે અનિશ્ચિતતા સર્જાઈ છે તેથી દેશનો આર્થિક વિકાસ કેવી રીતે વધારી શકાય એ મુદ્દે પણ ચર્ચા થશે. આ બેઠકનું આયોજન કેન્દ્ર સરકારની નીતિવિષયક સંસ્થા નીતિ આયોગ દ્વારા કરવામાં આવશે. એમાં નીતિ આયોગના વાઈસ-ચેરમેન રાજીવ કુમાર અને સીઈઓ અમિતાભ કાંત પણ હાજરી આપશે. બેઠકમાં વડા પ્રધાન મોદી આગામી બજેટ માટે અર્થશાસ્ત્રીઓ પાસેથી એમના સૂચનો માગશે. વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ સંસદમાં રજૂ કરાય એવી ધારણા છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતનો આર્થિક વિકાસ દર ૪.૨ ટકા હતો.


## ટ્રમ્પ સમર્થકોના બળવા વચ્ચે બાઈડેન રાષ્ટ્રપતિ વિજેતા જાહેર

વોશિંગટન,

અમેરિકાના વોશિંગ્ટનમાં ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોએ હંગામો કર્યો છે. સંસદ પરિસરમાં કરવામાં આવેલી બબાલમાં અત્યારસુધીમાં એક મહિલા સહિત ચાર લોકોનાં મોત થયાંના સમાચાર છે.

આ ઈતિહાસમાં પહેલીવાર બન્યું છે કે દુનિયાના સૌથી જુના લોકતંત્ર એટલે કે અમેરિકા સંસદભવનમાં આ પ્રકારનો હોબાળો થયો છે જે હિંસા સુધી પહોંચી ગયો. આ ટ્રમ્પ સમર્થકોના બળવા વચ્ચે અમેરિકન કૉંગ્રેસે ડેમોક્રેટ ઉમેદવાર જો બાઈડનની જીત પર બંધારણીય મહોર મારી દીધી છે. કૉંગ્રેસે ઈલેક્ટોરલ કોલેજ કાઉન્ટિંગમાં બાઈડનને વિજેતા





જાહેર કર્યા છે. બાઈડન ઉપરાંત કમલા હૈરિસને પણ ઉપ રાષ્ટ્રપ્રમુખ પદ માટે વિજેતા જાહેર કરવામાં આવી છે. આ પહેલા સેનેટ અને કૉંગ્રેસે જ્યોર્જિયા, પેન્સિલ્વેનિયા, નેવાડા અને એરિઝોનાથી જોડાયેલા રિપબ્લિકન નેતાઓના કાઉન્ટિંગ રોકવા સંબંધિત પ્રસ્તાવોને વારા ફરથી ફગાવી દીધા હતા. આ પહેલા ટ્રમ્પના સમર્થકોએ કેપિટલ હિલ બિલ્ડિંગમાં ઘૂસીને કાઉન્ટિંગની પ્રક્રિયાને રોકવા માટે હિંસા કરી હતી જેમાં અત્યાર સુધીમાં ૪ લોકોનાં મોત થયા છે. બાઈડનને વિજેતા જાહેર કરી ઉપ રાષ્ટ્રપ્રમુખ પેન્સે કહ્યું કે હવે સૌએ પોતાના કામ પર પરત લાગી જવું જોઈએ.

હિંસાને જોતાં વોશિંગ્ટનના મેયરે ૧૫ દિવસની ઈમર્જન્સીની જાહેરાત કરી છે. અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણી પછી જે વાતનો ડર હતો એ જ બન્યું. બુધવારે અહીં સંસદનાં બંને ગૃહો જો બાઈડનની જીત પર મહોર લગાવવા કાર્યરત થયાં. કાઉન્ટિંગ દરમિયાન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સેંકડો સમર્થકો સંસદના બિલ્ડિંગ (કેપિટલ હિલ)માં ઘૂસી ગયા હતા. આ દરમિયાન ગોળીબાર પણ થયો અને એમાં એક મહિલા સહિત ચાર લોકોના મોત થયા છે. થોડા કલાક પછી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવનાં સ્પીકર નેન્સી પેલોસીએ કહ્યું-અમે ડર્યા વિના પોતાનું કામ ચાલુ રાખીશું. જોકે એ સ્પષ્ટ નથી કે હવે બાઈડનની જીતની ઔપચારિક ઘોષણા ક્યારે કરવામાં આવશે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે વોશિંગ્ટન ડીસીમાં હોબાળાના સમાચારથી હેરાન છું, સત્તાનું હસ્તાંતરણ શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત રીતે થવું જોઈએ. લોકતાંત્રિક પ્રક્રિયાને ગેરકાયદે હિંસક દેખાવોથી પ્રભાવિત ન કરી શકાય. ૩ નવેમ્બરે રાષ્ટ્રપ્રમુખ ચૂંટણી થઈ. બાઈડનને ૩૦૬ અને ટ્રમ્પને ૨૩૨ વોટ મળ્યા. બધું સ્પષ્ટ થયા પછી પણ ટ્રમ્પે હાર ન કબૂલી.

(અનુ.પાના.નં.૨)

## સ્વાસ્થય મંત્રીએ લોકોને 'કો-વિન' નામની કોઈ એપને ડાઉનલોડ ન કરવા ચેતવ્યા

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય સ્વાસ્થય મંત્રી હર્ષવર્ધન સિંહએ લોકોને 'કો-વિન' નામની કોઈ મોબાઈલ એપને ડાઉનલોડ કરવાની કે તેના પર કોઈ પણ માહિતી શેર કરવા અંગે ચેતવ્યા છે. જો કે શરારતી તત્વોએ 'કો-વિન'ને ભળતી એપ બનાવી છે અને તેમના નામ કોવિડ-૧૯ રસીકરણ માટે સરકારના આગામી સત્તાવાર એપથી મિશ્રપ્રતિસાદ છે. હર્ષવર્ધન એ કહ્યું છે કે સરકારના આગામી સત્તાવાર મંચ પરથી ભળતા નામવાળી કેટલીક એપ પર શરારતી તત્વોએ બનાવ્યા છે જે એપસ્ટોર્સ પર છે. આ એપને ડાઉનલોડ કે તેના પર વ્યક્તિગત માહિતી શેર કરી નથી. એમઓએચએફડબલ્યુ (સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ મંત્રાલય)ના સત્તાવાર મંચ (સરકારમાંથી મંજૂરી પ્રાપ્ત) એપ આવવા પર તેને ઉપયુક્ત



રીતે પ્રકાશિત કરશે.

'કો-વિન' (કોવિડ વેક્સીન ઈન્ટેલીજન્સ નેટવર્ક) એપ, એક ડિજિટલ મંચ છે, જેને કેન્દ્ર દ્વારા કોવિડ-૧૯ રસીના પુરવઠા અને વિતરણના વાસ્તવિક સમય પર દેખરેખ માટે બનાવામાં આવ્યું છે. તે લગભગ તેના અમલીકરણના અંતિમ તબક્કામાં છે અને હજી સુધી તેને 'ગૂગલ પ્લે' સ્ટોર અથવા અન્ય કોઈ એપ સ્ટોર પર ઉપલબ્ધ

(અનુ.પાના.નં.૨)

## જેક માએ કન્ઝયૂમર્સ ડેટા આપવાનો ઈનકાર કરતા ચીની સરકારે ગાયબ કર્યા : રિપોર્ટ

વોશિંગ્ટન,

ચીનના ત્રીજા ક્રમના સૌથી મોટા ધનિક અને વિશ્વમાં લાખો લોકોના આદર્શ ગણાતા અલી બાબા જૂથના સ્થાપક જેક મા પાછલા બે મહિનાથી લાપતા છે. સમગ્ર વિશ્વ સવાલ પૂછી રહ્યું છે કે જેક મા ક્યાં



છે પરંતુ ચીન સરકાર ચૂપ હોવાના કારણે દુનિયાભરમાં અટકળોનું બજાર ગરમ છે.અમેરિકાના એક અખબારમાં પ્રગટ થયેલા રિપોર્ટ અનુસાર ચીનની સામ્યવાદી સરકારે જેક મા પાસેથી તેના કન્ઝયુમર ડેટાનીન માગણી કરી હતી પરંતુ તેણે ચીની સરકાર સામે ઝૂકવાનો ઈનકાર કર્યો હતો કારણ કે જેક મા પોતાના કન્ઝયુમર ડેટાને સંપત્તિની માફક અમૂલ્ય માને છે. અહેવાલો અનુસાર તેના બદલામાં ચીની સરકારે જ જેક માને ગાયબ કરી દીધા છે.

ચીનનું સ્ટેટ મીડિયા જણાવે છે કે પાછલા મહિને એન્ટ જૂથના આઈપીઓ અગાઉ વાટાઘાટો માટે જેક માને બોલાવવામાં આવ્યા હતા અને નિયમનકાર સાથેની વાટાઘાટો ચાલી રહી છે. ચીન સરકાર લાંબા સમયથી કન્ઝયુમર ડેટા સરકારને સોંપી દેવા માટે જેક માને દબાણ કરી રહી હતી પરંતુ તેઓ તેનો વિરોધ કરતા હતા.

વાસ્તવમાં ચીનના ફાઈનાન્સિયલ રેગ્યુલેટર ઈચ્છે છે કે જેક માની કંપની એન્ટ ગ્રૂપ પોતાના કરોડો ગ્રાહકોનો ક્રેડિટ ડેટા તેને સોંપી દે. આ રિપોર્ટમાં ચીની અધિકારીઓને ટાંકીને જણાવાયું છે કે ચીનની સરકારને ચિંતા છે કે જેક માની મહાકાય ઈ-કોમર્સ કંપની પોતાની પાસેના મહાકાય ડેટાનો ઉપયોગ કરીને તેના હરીફો સામે ગેરવાજબી ફાયદો મેળવી રહી છે.

## માઉન્ટ આબુમાં એક જ રાત્રિમાં લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રી ગગડયુ,-૩.૪ ડિગ્રી નોંધાયું

અમીરગઢ,

માઉન્ટ આબુમાં મંગળવારે લઘુત્તમ તાપમાન ૨.૪ ડિગ્રી તાપમાન હતું. જે એક જ દિવસમાં પારો ૫ ડિગ્રી ગગડી ગયો હતો. અને -૩.૪ ડિગ્રીએ સર્વત્ર બરફની ચાદર છવાઈ હતી. હાડ થિજાવતી ઠંડીના પગલે પર્યટકો ઠુંઠવાયા હતા. રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં મંગળવારે લઘુત્તમ તાપમાન ૨.૪ ડિગ્રી તાપમાન નોંધાતા શિતલહેર પ્રસરી છે. જ્યારે બીજા દિવસે બુધવારે લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રી ઘટીને માઈનસ ૩.૪ ડિગ્રીએ પહોંચ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતુ કે, 'અરબી સમુદ્રમાંથી આવતા પવન અને સક્રિય પશ્ચિમી વિક્ષેપને કારણે આબુ દિવસભર ધુમ્મસ રહ્યું હતું. જેના કારણે સવારે ૧૦૦ મીટરથી ઓછી વિઝીબિલિટી જોવા મળી હતી. માઉન્ટનું લઘુતમ તાપમાન માઈનસ ૩.૪ રહ્યું હતું. જેના પગલે ખુલ્લા મેદાનો તેમજ બગીચાઓમાં બરફની ચાદર પથરાઈ હતી. શીત લહેર પ્રસરી જતાં પર્યટકો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળ્યા હતા. તેમજ બનાસકાંઠાવાસીઓ પણ ઠંડીથી ઘરમાં પુરાયેલા રહ્યા હતા. માઉન્ટ આબુની સાથે જિલ્લાના આબુરોડ, સિરોહી, સ્વરૂપગંજમાં પણ ઠંડીનો પ્રકોપ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ દિનેશભાઈ મોહનસિંહ
મુ. આંકલી, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સુધીરભાઈ લક્ષમીસિંહ અગ્રવાલ
મુ. મોટીઝરી, તા. દે.બારીઆ

# મુખ્યમંત્રીના હસ્તે મહીસાગરના વિવિધ વિભાગોના વિકાસ કામોનું લોકાપર્ણ/ખાતમુહૂર્ત કરવામાં આવશે

લુણાવાડા, મુખ્યામંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ કોરોના સંક્રમણ વચ્ચે પણ ગુજરાતની વિકાસ યાત્રા ન રૂકના હૈ ન ઝૂકના હૈ ના ધ્યેય સાથે તેજ રફતારથી આગળ વધી રહી છે. મહીસાગર જિલ્લા વર્ષ–૨૦૧૩માં અસ્તિવત્વ માં આવ્યા બાદ જિલ્લા એ અનેક ક્ષેત્રે વિકાસ કર્યો છે. આ વિકાસ યાત્રાની કડીના ભાગરૂપે મુખ્યમંત્રીના હસ્તે બીજા તબકકાના કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત આગામી તા. ૯/૧/૨૦૨૧ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પ્રારંભ કરાવશે.

કિસાન સૂર્યોદય યોજનાની સાથોસાથ મહીસાગર જિલ્લા માં રૂા. ૧૧૬.૭૯ કરોડના ખર્ચે નવનિર્મિત અને નિર્માણ પામનાર ૧૭ વિકાસ કામોનું પણ લોકાર્પણ કરી મહીસાગર જિલ્લા ને વિકાસ કામોની ભેટ ધરશે. મહીસાગર જિલ્લાના લુણાવાડા–બાલાસિનોર અને સંતરામપુર તાલુકામાં વિવિધ વિભાગો દ્વારા નવનિર્મિત ૧૧ વિકાસ કામોનું લોકાપર્ણ કરવામાં આવનાર છે. તેમાં મહિસાગર જિલ્લાના બાકોર ખાતે માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ દ્વારા રૂપિયા રૂા.૨.૭૬ કરોડના ખર્ચે બે હજાર મેટ્રિક ટનની ક્ષમતા ધરાવતું ગોડાઉન, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા લુણાવાડા તાલુકામાં રૂા.૧.૦૦ કરોડના ખર્ચે કમાલપુર નાકા તળાવ અને સંતરામપુર તાલુકામાં રૂા.૧.૨૭ કરોડના ખર્ચે સાતકુંડા વોટર ફોલ, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા કડાણા તાલુકામાં રૂા.૦.૫૬ કરોડના ખર્ચે બચકરીયા રાવળ ફળિયાનો રસ્તો, સંતરામપુર તાલુકામાં તલાદરા મુખ્ય રસ્તાથી માળી ફ.ખોડિયાર ઘાટી સુધીનો રસ્તો, લુણાવાડા તાલુકામાં રૂા.૦.૭૯ કરોડના ખર્ચે ડેટા પાટીયા વટવટીયા થઇ ઘમોદ ક્રોસીંગ થઇ ખેમપુર ભાથીજી મંદિર થઇ પાકા રસ્તાને જોડતો રોડ તેમજ ખાનપુર તાલુકામાં રૂા.૦.૬૩ કરોડના ખર્ચે બાકોર દલેલપુરા રોડ અને આરોગ્ય વિભાગ દ્વારા ખાનપુર તાલુકામાં રૂા.૧.૦૦ કરોડના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પાંડરવાડા, વિરપુર તાલુકામાં રૂા.૧.૦૦ કરોડના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બાર તેમજ લુણાવાડા તાલુકામાં રૂા.૧.૦૦ કરોડના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મધવાસના નવિન મકાનનું અને શહેરી વિકાસ વિભાગ દ્વારા બાલાસિનોર તાલુકામાં રૂા.૦.૭૨ કરોડના ખર્ચે બાલાસિનોર નગરપાલિકા દ્વારા ૬.૬૦ લાખ લીટરની ક્ષમતા ધરાવતી પીવાના પાણીની ઓવર હેડ ટાંકીના બાંધકામનો સમાવેશ થાય છે.

જયારે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ વિભાગ દ્વારા લુણાવાડા તાલુકામાં રૂા. ૬.૨૨ કરોડના ખર્ચે પટ્ટણ જૂથ પાણી પુરવઠા યોજના, બાલાસિનોર તાલુકામાં રૂા.૨૧.૫૮ કરોડના ખર્ચે બાલાસિનોર શહેર માટે ૬.૩૦ એમ.એલ.ડી ક્ષમતાના સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું, નર્મદા જળ અને સંપત્તિ પાણી, પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા કડાણા તાલુકામાં રૂા.૫૬.૩ કરોડના ખર્ચે કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારિત મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના શિયાળ અને લુણાવાડા તાલુકાના શામણા તળાવમાંથી પાઇપલાઇન દ્વારા કડાણા, સંતરામપુર અને લુણાવાડા તાલુકાના વિવિધ તળાવો ભરવાની કામગીરીનું, સંતરામપુર તાલુકામાં રૂા.૨૦.૩૯ કરોડના ખર્ચે સંતરામપુર તાલુકાના ગ્રામ્ય તળાવો તથા મોરાલનાકા અને બાબરી એમ.આઇ. તળાવને વડા તળાવ પાસેઆવેલ પી.એસ.–૨ માંથી પાઇપલાઇન દ્વારા લીંક કરી પાણી ભરવાની યોજનાનું અને માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા લુણાવાડા તાલુકામાં રૂા. ૦.૫૩ કરોડના ખર્ચે દોલતપુરા હિંદોલીયા રોડ અને રૂા.૦.૫૨ કરોડના ખર્ચે હાંસેલિયા ભલાડા રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

# મહીસાગરમાં આજે ૦૨ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૬૨ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.


આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૭–૦૧–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૧૯૬૨ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાકમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાના ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષો, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષો, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લાસમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૮૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૧૧૨૧૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૩ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૦ દર્દી હોમ આઇસોલેશન, CCC લુણાવાડા, ૦૦ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૨ દર્દીઓ સ્ટેબલ અને ૦૭ દર્દીઓ ઓકિસજન પર છે.

# સંતરામપુરના નાના નટવા ગામે ત્રણ દિવસ બાદ તળાવમાં ડુબેલ વ્યકિતનો મૃતદેહ મળ્યો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના નાના નટવા ગામના રહિશ દશમાની વિધી કરવા માટે તળાવ ઉપર ગયા હતા અને ન્હાવા પડતા ડુબી ગયેલ હતા. તળાવમાં ડુબી ગયેલ વ્યકિતને શોધવામાં તંત્રની મદદ ન મળતાં ત્રણ દિવસ બાદ તળાવ માંથી મૃતદેહ મળી આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સંતરામપુર તાલુકાના નાના નટવા ગામના રહિશ રાજેશભાઈ નાનાભાઈ તાવિયાડ દશમાની વિધી કરવા માટે ગામના તળાવ ઉપર ગયા હતા. વિધી બાદ તળાવમાં ન્હાવા પડયા હતા. દરમ્યાન તળાવમાં ડુબી ગયેલ હતા. તળાવમાં ડુબી ગયેલ વ્યકિતને શોધવામાં ત્રણ દિવસ નિકળી ગયા હતા. તંત્ર તરફથી ડુબી ગયેલ વ્યકિતને શોધવામાં મદદ મળી હતી. આજરોજ તળાવમાં ડુબી ગયેલ રાજેશભાઈ તાવિયાડનો મૃતદેહ ફુલી ગયેલ હાલતમાં મળી આવ્યો હતો. મૃતદેહને બહાર કાઢીને પી.એમ. અર્થે મોકલી આપવામાં આવ્યો હતો. આ બાબતે સંતરામપુર પોલીસ મથકે અ.મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ખાનપુરના જેઠોલા ગામે વન્ય પ્રાણી દ્વારા ગાય પર હુમલો કરાતા લોકોમાં ફફડાટ

ખાનપુર, ખાનપુર તાલુકાના જેઠોલા ગામે વાઘે ગાય ઉપર હુમલો કર્યો હોવાની વાતો બહાર આવતા વન વિભાગે તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનિય છે કે, ૨૭ વર્ષ બાદ મહિસાગરના જંગલોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં વાઘ જોવા મળ્યો હતો. ફેબ્રુઆરી–૨૦૧૯માં મહિસાગર અને પંચમહાલ જિલ્લાની સરહદે સ્થાનિક શિક્ષકે પહેલીવાર વાઘને જોયો હતો. અને ગઢ ગામે ગત ૬ ફેબ્રુઆરી–૨૦૧૯માં દેખાયેલો વાઘ ૨૫ કિમી દુર સંત જંગલમાં રાત્રે વન વિભાગ દ્વારા લગાવાયેલા નાઈટ વિઝન કેમેરામાં કેદ થયો હતો. ૨૭ ફેબ્રુઆરીએ વાઘ મૃત હાલતમાં મળી આવતા રાજયમાં વાઘ હોવાની આશા ધોવાઈ ગઈ હતી. ત્યારે વધુ એકવાર વાઘ હોવાની અફવા ફેલાઈ હતી.

ખાનપુર તાલુકાના જેઠોલા ગામે રહેતા લાલાભાઈ કાનાભાઈ ડામોર તથા પરિવારજનો રાત્રે જમી પરવારી ઉંઘી ગયા હતા. ત્યારે બહાર બાંધેલી ગાયો બરાડા પાડવા લાગી હતી. આથી ઘરના સભ્યો બહાર દોડી આવ્યા હતા. જો કે અંધારામાં કંઈ જોવા મળ્યુ ન હતુ. પણ ગામના નાકના ભાગે કોઈ પ્રાણીના મારેલાનુ નિશાન જોવા મળ્યુ હતુ. તેમજ ઘરની બહાર દિપડો કે વાઘના પંજાના નિશાન જોવા મળતા ફફડાટ પેસી ગયો હતો. સવારે લોકોને પ્રાણીના પગના નિશાનને બતાવવા સૌએ દિપડો હોય કે વાઘ પણ હોવાનુ અનુમાન લગાવ્યુ હતુ. જેને પગલે વન વિભાગના અધિકારીઓ આવીને તપાસ કરતા પ્રાણીના પંજાના નિશાન ભુસાઈ ગયા હોવાથી દેખાયા ન હતા. અગાઉ પણ જિલ્લામાં વાઘ આવ્યો હોવાની બુમો પોકળ સાબિત થઈ હતી. તે જ રીતે આ વખતે પણ પોકળ સાબિત થશે તેમ વન વિભાગને લાગી રહ્યુ છે.

# ઘોઘંબાના વાવ કુંડલી ગામેથી લાયસન્સ વગરની બંદૂક રાખનારની પોલીસે અટકાયત કરી

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના વાવ કુંડલી ગામે રહેતા ઈસમ પાસેથી લાયસન્સ કે આધાર વગર ગેરકાયદેસર રાખેલ બંદૂક તથા સળીયા સાથે રાખેલ હોય પોલીસ તપાસમાં હથિયાર સાથે જાહેરનામા ભંગમાં ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના વાવ કુંડલી ગામે રહેતા વાલાભાઈ સોમાભાઈ બારીયા પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે લાયસન્સ કે આધાર પુરાવા વગર હથિયાર રાખેલ હોય પોલીસની તપાસ દરમ્યાન બંદૂક તથા સળીયો મળી ૫,૦૫૦/–રૂપીયાની સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે દામાવાવ પોલીસ મથકે જાહેરનામા ભંગ હેઠળ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલ પંથકમાં ૧.૮ ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

રાજકોટ, જિલ્લાના ગોંડલ પંથકમાં ગુરૂવારના રોજ સવારે ૭.૫૫ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપની તીવ્રતા ૧.૮ની હતી અને કેન્દ્ર બિંદુ ગોંડલથી પશ્ચિમેં ૨૯ કિલોમીટર દૂર એટલે કે, જેતપુરના પાંચપીપળા ગામે ભૂગર્ભમાં ૧૨.૩ કિ.મી. ઉંડાઈએ નોંધાયું છે.

# લુણાવાડા BSNL કચેરીથી SP કચેરી સુધી જોડતા માર્ગ ઉપર વગર સીઝને પાણી ભરાતા લોકો પરેશાન

લુણાવાડા, લુણાવાડામાં બીએસએનએલ કચેરીથી એસ.પી.કચેરી તરફ જતાં રોડ પર પાછલા કેટલાંય સમયથી પાણીની રેલમછેલ જોવા મળી રહી છે. ત્યારે લોકોને શિયાળાના સમયે પણ ચોમાસા જેવી પરિસ્થિતિમાંથી લોકોને આ રસ્તા પરથી પસાર થવુ પડે છે. લુણાવાડા નગર તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકો માટે આ રોડ મહત્વનો બની ગયો છે. જેમાં એસ.પી.કચેરી, ચરેલ, મોતીઘોડા, સહિત અનેક ગામોમાં જવા માટે વિદ્યાર્થીઓ, રાહદારીઓ, અને વાહનચાલકો નીકળે છે. પરંતુ સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે રોડ પર ગટરલાઈન લીકેજ હોવાથી પાણીની રેલમછેલ સર્જાતા લોકો પરેશાની ભોગવી રહ્યા છે. દુકાનદાર અને સોસાયટી વિસ્તારમાં રહેતા લોકો પણ મુશ્કેલીમાં મુકાયા કે ડેન્ગ્યુ કે મેલેરિયા જેવા પાણી જન્ય રોગ થાય તો જવાબદારી કોની ? આ બાબતે સ્થાનિક લોકો દ્વારા લુણાવાડા પાલિકાને રજુઆત કરી છે તેમ છતાં કોઈ પરિણામ ન મળતા લોકો રોષે ભરાયા હતા.

# પંચમહાલ જિલ્લામાં આઈ-ખેડૂત પોર્ટલ પર મંજૂર થયેલી અરજી માટે કરેલા ખર્ચના બીલો ૧૩મી જાન્યુઆરી સુધી રજૂ કરવા

ગોધરા, રાજ્ય સરકારની બાગાયતી પાકો અને તેને સંલગ્ન વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે આઈ–ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરી હોય એવા ખેડૂતોની અરજી જિલ્લા નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા મંજૂર કરવામાં આવી છે. જે ખેડૂતોને અરજી માટે મંજૂરી મળી હોય તેમના તેમણે કરેલા ખર્ચના બિલો સ્વીકારવાની અંતિમ તારીખ ૧૩–૦૧–૨૦૨૧ છે. આથી બાગાયતી ખેતી કરતા ખેડૂતોએ અંતિમ તારીખ સુધીમાં જરૂરી કાગળો નાયબ બાગાયત નિયામકની કચેરીએ રજૂ કરવાના રહેશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૮-૦૧-૨૦૨૧, શુક્રવાર, માગશર વદ-૧૦, સૂર્યોદય-૭-૨૯, સૂર્યાસ્ત-૬-૧૬, જૈન નવકારશી-૮-૧૭, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>૧૨-૩૨થી ૧૩-૧૫ અભિજીત, ૭-૨૯થી શુભ-૮-૫૦ સુધી ૧૧-૩૨થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૫ સુધી, ૧૬-૫૬થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૨૯થી ૮-૨૩ સુધી, ૧૦-૧૧થી ૧૨-૫૩ સુધી, ૧૩-૪૭થી ૧૪-૪૧ સુધી, ૧૬-૨૯ સુધી |

## (પાન નં.૧ નું ચાલુ)

### ટ્રમ્પ સમર્થકોના બળવા વચ્ચે.....

તેમનો આરોપ છે કે વોટિંગ દરમિયાન અને પછી કાઉન્ટિંગમાં મોટે પાયે ગરબડ થઈ છે. અનેક રાજયોમાં કેસ નોંધાવ્યા. મોટા ભાગના કિસ્સામાં ટ્રમ્પના સમર્થકોની અપીલ નકારાઈ છે.

બુધવારે ઈલેકટોરલ કોલેજના વોટોની ગણતરી અને બાઈડનની જીત પર મહોર લગાવવા માટે સંસદનાં બંને ગૃહો, એટલે કે સેનેટ અને એચઓઆરની બેઠક શરૂ થઈ. આ દરમિયાન જ ટ્રમ્પ અને રિપબ્લિકન પાર્ટીના સેંકડો સમર્થકો સંસદની બહાર એકત્ર થયા. નેશનલ ગાર્ડ્સ અને પોલીસ તેમને સમજાવે એ પહેલાં જ કેટલાક લોકો અંદર ઘૂસી ગયા હતા. મોટે પાયે તોડફોડ કરવામાં આવી હતી. હિંસા થઈ. આ દરમિયાન ગોળીબાર પણ થયો. કોણે કર્યો, કેમ કર્યો? એ સ્પષ્ટ નથી, પણ એક મહિલાનું મોત થઈ ગયું. અમેરિકન સંસદમાં જ્યારે ટ્રમ્પના સમર્થકોએ તોફાન મચાવ્યું અને તોડફોડ શરૂ કરી તો પોલીસે મોરચો સંભાળ્યો. હંગામો કરનારાઓને હટાવવા માટે સંસદમાં પોલીસકર્મી રિવોલ્વર તાકતા નજરે પડ્યા. આ દરમિયાન સાંસદ સ્તબ્ધ હતા. તેમને ગેલેરી દ્વારા સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. બંને ગૃહોમાં હંગામો કરનારાઓને કાઢી મુકાયા છે. હંગામા દરમિયાન સાંસદોને સુરક્ષિત સ્થળે પહોંચાડી દેવાયા હતા. તેઓ ફરી ગૃહમાં પહોંચ્યા. સંસદની કાર્યવાહી ફરી શરૂ થઈ. પ્રેસિડેન્ટ ઈલેક્ટની જીત પર મહોર લગાવવા માટે કોંગ્રેસ એટલે કે અમેરિકન સંસદનું સંયુક્ત સત્ર બોલાવવામાં આવે છે. તેની અધ્યક્ષતા ઉપરાષ્ટ્રપતિ કરે છે. આ વખતે આ ખુરશી પર માઈક પેન્સ હતા. પેન્સ રિપબ્લિકન પાર્ટીના છે. ટ્રમ્પ પછી તેમનો જ નંબર આવે છે. તેઓ ટ્રમ્પના સમર્થકોની હરકતથી ગુસ્સામાં દેખાયા. તેમણે કહ્યું- આ અમેરિકન ઈતિહાસનો સૌથી કાળો દિવસ છે. હિંસાથી લોકતંત્રને દબાવી કે હરાવી શકાય નહીં.

આ અમેરિકાની જનતાના વિશ્વાસનું કેન્દ્ર હતું, છે અને હંમેશાં રહેશે. એક ફોટો દ્વારા જણાવ્યું છે કે જ્યારે ટ્રમ્પના સમર્થક સંસદમાં હિંસા આચરી રહ્યા હતા ત્યારે કેટલાક પોલીસ અધિકારીઓએ તોફાનીઓ સામે રિવોલ્વર તાકી હતી. એક મહિલાનું મોત થયું. જોકે એ સ્પષ્ટ નથી કે મહિલાનું મોત પોલીસની ગોળીથી થયું કે ફાયરિંગ ક્યાંક બીજેથી થયું હતું. અમેરિકન સંસદની એક ગેલેરીમાં તહેનાત નેશનલ ગાર્ડ્સે સાંસદોને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા. એના થોડા કલાક પછી સંસદની કાર્યવાહી ફરી શરૂ થઈ. ઘટના પછી ડીસીમાં ઉપસ્થિત યુએસ આર્મીના સ્પેશિયલ યુનિટને બોલાવવામાં આવ્યું. માત્ર ૨૦ મિનિટમાં તેમણે મોરચો સંભાળ્યો. બધું મળીને ૧૧૦૦ સ્પેશિયલ ગાર્ડ્સ હજુ પણ કેપિટલ હિલની બહાર અને અંદર તહેનાત છે. રાજધાનીમાં કર્ફ્યૂ છે. વોશિંગ્ટનમાં હિંસા વચ્ચે ફેસબુકે ડોનાલ્ડ ટ્રમ્પનો એક વિડિયો સાઈટ પરથી હટાવી લીધો છે. આ વિડિયોમાં ટ્રમ્પ પોતાના સમર્થકોને સંબોધિત કરતાં દેખાય છે. ફેસબુકના વાઈસ-પ્રેસિડન્ટે કહ્યું હતું કે આવું કરવાથી હિંસા ઘટાડવામાં મદદ મળશે. જ્યારે, ટ્વિટરે પણ ટ્રમ્પનું અકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધું હતું.

### સ્વાસ્થય મંત્રીએ લોકોને....

કરાવવામાં આવી નથી. મંત્રાલયે કહ્યું કે આ બધાની વચ્ચે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ સ્વાસ્થ્ય સેવાઓ અને અગ્રીમ મોરચાના કર્મચારીઓના આંકડા ભેગા કર્યા છે. આ લોકોને પહેલી પ્રાથમિકતાની અંતર્ગત કોવિડ-૧૯ની રસી લગાવાશે. આંકડા કો-વિન સોફટવેર પર અપલોડ કરાઇ રહ્યા છે. મંત્રાલયે આની પહેલાં પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતુ કે કો-વિન ડિજિટલ મંચમાં ડાઉનલોડ કરાવા યોગ્ય એક મફત મોબાઈલ એપ હશે, જે રસી સાથે જોડાયેલા આંકડા નોંધવામાં મદદ કરશે. જો કોઇ વ્યક્તિ રસી લગાવા માંગે છે તો તેના પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

# GTU ઓનલાઈન પરીક્ષાને નહીં આપે મંજૂરી




અમદાવાદ, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી જીટીયુના ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને ઓનલાઇન પરીક્ષાનો વિકલ્પ આપવાની માગણી સાથે થયેલી પિટિશમાં આજે હાઇકોર્ટે યુનિવર્સિટીને સવાલ કર્યો હતો કે ઓફલાઇન પરીક્ષા લેવાની છે તો ઓનલાઇન પરીક્ષાનો વિકલ્પ આપવામાં યુનિવર્સિટીને શું વાંધો છે. યુનિવર્સિટીને સોગંદનામા પર રજૂઆત કરવાનો નિર્દેશ કરી વધુ સુનાવણી ૧૨મી જાન્યુઆરીના રોજ નિયત કરવામાં આવી છે. હાઇકોર્ટે આજે યુનિવર્સિટીને ટકોર કરી હતી કે ઓફલાઇન પરીક્ષાનું આયોજન કરાયું છે તો ઓનલાઇન પરીક્ષાનો વિકલ્પ આપવામાં શું વાંધો છે. જેના જવાબમાં યુનિવર્સિટી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે ઓફલાઇન પરીક્ષા જ લેવામાં આવશે. રાજયની અન્ય યુનિવર્સિટીઓએ પણ ઓફલાઇન પરીક્ષા લીધી છે અને આ પરીક્ષાઓ સુરક્ષિત અને સફળ રહી છે. યુનિવર્સિટીને લેખિત જવાબ રજૂ કરવા કોર્ટે નિર્દેશ કર્યો છે. હાઇકોર્ટમાં જી.ટી.યુ.ના કેટલાંક વિદ્યાર્થીઓ દ્વારા પિટિશન કરી રજૂઆત કરવામાં આવી હતી કે કોરોનાની મહામારીના કારણે અન્ય ઘણી જાણીતી યુનિવર્સિટીઓ દ્વારા ઓનલાઇન પરીક્ષા લેવામાં આવી છે. જી.ટી.યુ. દ્વારા પણ અંતિમ વર્ષના વિદ્યાર્થીઓની ઓનલાઇન પરીક્ષઆ લેવામાં આવી હતી અને આ આયોજન સફળ રહ્યું હતું. જો કે હવે પછીની પરીક્ષાઓ ઓફલાઇન લેવાનો નિર્ણય યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યો છે. કોરોનાની મહામારીના કારણે હાલ પૂરતો ઓનલાઇન પરીક્ષાનો વિકલ્પ આપવો જોઈએ. યુનિવર્સિટી સંલગ્ન ઈજનેરી કોલેજોના વિદ્યાર્થીઓ બહારના શહેરોમાંથી અભ્યાસ કરવા આવતા હોય છે. અત્યારે હોસ્ટેલ અને પી.જી. સહિતની વ્યવસ્થાઓ બંધ છે તેમજ કોરોનના કારણે મુસાફરી અંગેના પણ કેટલાંક બંધનો છે.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
## ટૂંકી મુદતની ઈ-ટેન્ડર નોટીસ નં-૨૨-સને-૨૦૨૦-૨૧

### સુધારો

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, લુણાવાડા, જીલ્લો–મહિસાગર–૩૮૯૧૫૧ દ્વારા મરામત અને નિભાવણીના કુલ–૪ (ચાર) કામના ઈ–ટેન્ડરો માંગવામાં આવે છે, જેમાં ટેન્ડર આઇ.ડી. નંબર– ૪૫૩૮૫૪, ૪૫૩૮૫૫, ૪૫૩૮૫૮ અને ૪૫૩૮૫૯ ના બદલે ૪૪૦૧૧૧, ૪૪૦૧૧૩, ૪૪૦૧૧૯ અને ૪૪૦૧૨૨ વંચાણે લેવા. આ કામોની ઓનલાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ–૧૧/૦૧/૨૦૨૧, ૧૮.૦૦ કલાક સુધી રાખવામાં આવે છે. ફિઝીકલ દસ્તાવેજો તારીખ–૧૨/૦૧/૨૦૨૧, ૧૫.૦૦ કલાક સુધી કા.ઈ.શ્રી(સિ), લુણાવાડા, જી.મહિસારગની કચેરીએ આર.પી.એડી./સ્પીડ પોસ્ટા/રૂબરૂ પહોંચાડવાના રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી http // gwssb.nprocure.com વેબસાઇટ પરથી મેળવી શકાશે.
ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, નો હેલ્પ લાઇન નંબર–૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવો.

કાર્યપાલક ઈજનેર(સિ),
લુણાવાડા

માહિતી/ગોધરા/૬૯૦/૨૦૨૧

## દૈનિક રાશીફળ

તા.૦૮.૦૧.૨૦૨૧ શુક્રવાર

મેષ(અ,લ,ઈ): સમય સારો છે. તમારા વ્યક્તિત્વની સામે વિરોધી પરાજિત થશે અને તમે તમારા કામને યોગ્ય રીતે પૂર્ણ કરી શકશો. યુવા વર્ગને કોઇ સારી સફળતા પ્રાપ્ત થઇ શકે છે.

વૃષભ(બ,વ,ઉ): સ્થાન પરિવર્તનને લગતી યોજના બની રહી છે તો આજે તે કાર્યને શરૂ કરવાનો યોગ્ય સમય છે. આવકના નવા સ્ત્રોત બનશે તથા આર્થિક સ્થિતિ પણ સારી બનશે.

મિથુન(ક.છ.ઘ): આ સમયે તમારી આસપાસની પરિસ્થિતિઓમાં થોડા ફેરફાર અનુભવ કરશો. આ ફેરફારનો તમારા વ્યક્તિત્વ ઉપર પોઝિટિવ પ્રભાવ પણ પડશે.

કર્ક(ડ,હ): પરિસ્થિતિઓ તમારા પક્ષમાં છે. પરંતુ ભાવનાઓની જગ્યાએ વિવેક અને ચતુરાઈથી કામ લેવું તમારા માટે ઉન્નતિદાયક સાબિત થશે.

સિંહ(મ,ટ): આ સમય આત્મમંથન તથા આત્મ વિશ્લેષણનો છે. અન્યના પ્રભાવમાં આવશો નહીં. તમારા સિદ્ધાંતો પ્રમાણે કામ કરો. તમને તેવી જ રીતે સફળતા મળશે.

કન્યા(પ,ઠ,ણ): આજે પ્રોપર્ટીને લગતું કોઈપણ કામ કરવા માટે સમય ખૂબ જ અનુકૂળ છે. પરિવાર સાથે કોઇ ધાર્મિક સ્થળે જવાનો પ્રોગ્રામ બનશે તથા શાંતિ પણ અનુભવ થશે.

તુલા(ર.ત.): આ સમયે ભાગ્ય તમને દરેક પરિસ્થિતિ સામે લડવાની શક્તિ પ્રદાન કરી રહ્યું છે. સમયનો ભરપૂર ઉપયોગ કરો. તમારા નિર્ણય જ સર્વોપરિ રાખો.

વૃશ્ચિક(ન.ય.): તમને અનુભવ થશે કે કોઈ ઈશ્વરીય શક્તિ તમારા માટે કામ કરી રહી છે. તમે તમારા આત્મવિશ્વાસ અને મહેનત દ્વારા કોઈપણ ઉપલબ્ધિ પ્રાપ્ત કરવામાં સક્ષમ રહેશો.

ધન(ભ,ધ,ફ,ઢ): છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી કોઇ સમસ્યાનું નિવારણ થશે. ઘણાં સમય પછી મિત્રો સાથે ગેટ-ટુ-ગેધર થવાથી બધા લોકો સુખ તથા ઉમંગ અનુભવ કરશે.

મકર(ખ.જ.): સમય ઉત્તમ છે. તમારી ક્ષમતાઓને કરિયર, અધ્યાત્મ અને ધર્મની પ્રગતિમાં યોગ્ય રીતે ઉપયોગ કરવામાં સક્ષમ રહેશો. તમારી સંવેદનશીલતા સમાજમાં તમને સન્માન અપાવશે.

કુંભ(ગ,સ,શ,ષ): થોડા સમયથી ચાલી રહેલી ભાગદોડથી રાહત મેળવવા માટે પ્રકૃતિની નજીક થોડો સમય પસાર કરો.

મીન(દ,ચ,ઝ,થ): આ સમયે ગ્રહ સ્થિતિ તમને સાવધાન કરી રહી છે કે નાણાકીય યોજનાઓ અંગેના કાર્યો ઉપર તમારું ધ્યાન કેન્દ્રિતકરો. બેકારના કાર્યોમાં સમય નષ્ટ ન કરો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લાની સરકારી શાળાઓમાં પસંદગી પામેલા ૬૨ શિક્ષણ સહાયકોને નિમણૂંકપત્રો એનાયત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાની સરકારી શાળાઓમાં શિક્ષક કર્મ માટે પસંદગી પામેલા ૬૨ શિક્ષણ સહાયકોને નિમણૂંકપત્રો એનાયત કરતા રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું કે, શિક્ષક એ ભારતીય પરંપરાનું ગુરૂપદ છે અને આ પદને નિષ્ઠાપૂર્વક નિભાવવું પડશે. ઉક્ત સંદર્ભમાં ખાબડે ઉમેર્યું કે, ભારતમાં પહેલા ઋષિ પરંપરા મુજબ જ્ઞાન આપવામાં આવતું હતું. શિષ્યોએ સમર્થ ગુરૂની શોધ કરી તેમની પાસેથી જ્ઞાન મેળવવું પડતું હતું. હવે રાજ્ય સરકાર દ્વારા સામર્થ્યવાન શિક્ષકોની પારદર્શક રીતે ભરતી કરી તેમને શિક્ષક તરીકે નિમણૂંક કરવામાં આવે છે. ત્યારે, શાળા સદ્દવિચારોની ગંગોત્રી બને તે જોવાની જવાબદારી શિક્ષકોની છે.

દાહોદ જિલ્લામાં શિક્ષણક્ષેત્રે ખૂટતી કડીઓ જોડવા માટે રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સહાયકોની નિયુક્તિ કરી છે. બહારના જિલ્લામાંથી નિમણૂંક પામનારા શિક્ષકોને અહીંનું વાતાવરણ અને સામાજિક મહોલ બહુ જ અનુકૂળ આવી જાય છે. એટલે કોઇ શિક્ષકોએ કોઇ ચિંતા કર્યા વીના પોતાનું શ્રેષ્ઠ કામ કરવું જોઇએ. બાળક એ શાળાના બાગના ફૂલો છે. તેમાં રંગ ભરવાનું કામ શિક્ષકે કરવાનું છે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષકોના હિતમાં નિર્ણય કરી ફાજલનું રક્ષણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, આગામી તા. ૧૧ જાન્યુઆરીથી માદયમિક અને ઉચ્ચત્તમ માદ્યમિક શાળામાં શિક્ષણકાર્ય શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ બન્ને નિર્ણયથી નવી નિમણૂંક પામનાર શિક્ષકોને ફાયદો થશે.

કલેક્ટર વિજય ખરાડીએ આ પ્રસંગે જણાવ્યું કે, શિક્ષક તરીકે સતત અપડેટ રહેવું પડશે. વહેતા નીર જો એક સ્થળે એકત્ર થઇ અટકી જાય તો તેમાં લીલ જામી જાય છે. એ રીતે શિક્ષક જો માનસિક રીતે સ્થાયી થઇ જાય તો બાળકના શિક્ષણ ઉપર અસર પડે છે. એટલે, તમામ શિક્ષકો રોજબરોજ નવું શીખતા રહે અને નવું જાણતા રહે તો બાળકોને વધુ સારી રીતે શીખવી શકાય છે. નવીનત્તમ શિક્ષણ પ્રણાલી અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ ઉપર ભાર મૂકતા ખરાડીએ જણાવ્યું કે, બાળકોમાં ભણવા રસ ઉત્પન્ન થાય એ રીતે શિક્ષણ કરવું પડશે. દાહોદ છેવડાનો જિલ્લો છે, પણ અહીં બાળકોમાં શિક્ષણની ભૂખ બહુ જ સારી છે. એટલે નવા શિક્ષકો પાસેથી બહેરત અપેક્ષા હોય એ સ્વાભાવિક છે.

પ્રાથમિક શિક્ષણ નિયામક એમ. આઇ. જોશીએ નવનિયુકત શિક્ષકોને શીખ આપતા કહ્યું કે, આજે આપણે ચર્ચા કરીએ છીએ કે ગામમાં શિક્ષકની મહત્તા ઘટી ગઇ છે અને શિક્ષકોને ગ્રામજનો સાથેનો સામાજિક અનુબંધ ઓછો થઇ ગયો છે. શિક્ષણ એ માત્ર સરકારી નોકરી નથી. પણ, ગામમાં નવપ્રવર્તનની આલહેક જગાવવાનું કામ પણ શિક્ષકોનું છે. જો એક શિક્ષક ઇચ્છે તો ગામમાં પરિવર્તન આવી શકે છે.

તેમણે કહ્યું કે, દરેક વ્યકિતના જીવનમાં કોઇ એક શિક્ષક તો હોય છે, જેમણે તે વ્યક્તિના જીવનમાં બહુ જ પ્રભાવ પાડ્યો હોય છે. ગામ સાથે સામાજિક અનુબંધ કરવાથી બાળકના વિકાસમાં શું ઘટે છે એ બાબત સારી રીતે સમજી શકાય છે અને તેના આધારે શિક્ષણ પ્રદ્ધતિમાં ફેરફાર કરી શકાય છે. બાળકો સાથે લાગણીના સંબંધ સ્થાપિત થાય છે. જોશીએ ઉમેર્યું કે, શિક્ષકના વાણી વર્તન અને વ્યવહારની બાળકોના માનસપટલ ઉપર ખૂબ જ ઉંડી અસર પડે છે. એટલે, નવનિયુક્તિ શિક્ષક તરીકે શાળા અને બાળકને અનુરૂપ વાણીવર્તન કરવા તેમણે અંતે શીખ આપી હતી.

મહાનુભાવોના હસ્તે યુવાશિક્ષકોને નિયુકિતપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સ્વાગત પ્રવચન જિલ્લા શિક્ષણાધિકારી સુ કાજલ દવેએ કર્યું હતું. આ પ્રસંગે નાયબ કલેક્ટર ગણાવા, પ્રાચાર્ય એસ. વી. રાજશાખા, શિક્ષણ નિરીક્ષક સુરેશ મેડા ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત ત્રણને ઈજાઓ



દાહોદ,

દાહોદ જિલ્લામાં વિતેલા ચોવિસ કલાકની અંદર માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે જણાના અકાળે મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જ્યારે આ બે બનાવોમાં ત્રણ જેટલા વ્યક્તિઓને પણ ઈજાઓ થતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના મોટા હાથીધરા ગામે ગત તા.૦૬ જાન્યુઆરીના રોજ બનવા પામ્યો હતો જેમાં એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તાની સાઈડમાં ઉભેલા કેટલા વ્યક્તિઓને અડફેટમાં લેતાં આ પૈકી રાજસ્થાનના જાલોર જિલ્લામાં સાચોર તાલુકામાં રહેતા ૨૭ વર્ષીય સોતારામ મેસારામ દેવાસી (રબારી)ને અડફેટમાં લેતાં તેને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યું હતું. જ્યારે શૈલેશબાઈ વસરામભાઈ તથા બીજા બે જેટલા વ્યક્તિઓને પણ ઈજાઓ થતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. ઘટનાને અંજામ આપી ટ્રકનો ચાલક નાસી ગયાનું પણ જાણવા મળી રહ્યું છે. આ સંબંધે ઝાલોદના બાંસવાડા રોડ સર્વોદય સોસાયટીમાં રહેતા મેવારામ વડતાજી દેવાસી (રબારી) દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના કાળી મહુડી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૫ જાન્યુઆરીના રોજ એક છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે અચાનક છડકા પરનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતાં છકડો પલ્ટી ખાઈ ગયો હતો અને નજીકની ગટરમાં છકડો ખાબક્યો હતો. આ દરમ્યાન છકડામાં સવાર રાજેશભાઈ રામુભાઈ નીનામા (ઉ.વ.૨૪) ને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ સંબંધે ઝાલોદ તાલુકાના કારઠ ગામે રૂખડી ફળિયામાં રહેતા રામુભાઈ વરસીંગભાઈ નીનામાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆ નગર પાલિકાના હસ્તકના જાહેર શૌચાલયમાં ખંભાતી તાળા કયારે ખૂલશે : કેટલી સમય મર્યાદામાં ?



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

સ્વચ્છ સંરક્ષણ ૨૦૨૧ના સૂત્રો શૌચાલયની દિવાલો ઉપર લખાઈ ચૂકયા છે પરંતુ દે.બારીઆ શહેરી વિસ્તારના મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન અંતર્ગત જે જાહેર શૌચાલય કાર્યરત હતા. તે હાલમાં તેમાં ખંભાતી તાળા લાગેલા દેખવા મળે છે. શુક્રવારી બજાર, સંચાગઢી ટાવર પાસેનો નગર પાલિકાના જતા રોડનો તેમજ બગીચા પાછળનો જાહેર શૌચાલય બંધ હાલતમાં છે. કરોડોનો ખર્ચ કર્યો તે પાણીમાં.

પ્રાપ્ત માહિતી મુજબ ૨૦૧૬ના વર્ષમાં આ તમામ ચાર જાહેર શૌચાલયનું મહાત્મા ગાંધી શૌચાલય મીશન અંતર્ગત બાંધકામ થયું હતું. તેને કાર્યરત કરવાની શરૂઆત કેટલો સમય વિતયા બાદ કોન્ટ્રાકટરોને આપવામાં આવ્યા હતા. આ ચાર શૌચાલમાં બે શૌચાલય કાર્યરત કર્યા હતા. આ શૌચાલયોનો ઉપયોગ પાવાગઢ પગપાળા જતા યાત્રાળુઓ કરતા હોય છે. જેથી વહેલી તકે આ શૌચાલયો ચાલુ કરવા માટે તજવીજ હાથ ધરવામાં આવે તેવી યાત્રાળુઓ અને ધર્મપ્રેમી જનતાની માંગ ઉઠવા પામી છે. શું આ મહાત્મા ગાંધી શૌચાલય ફકત કાગળ ઉપર શોભાના ગાંઠીયા સમાન છે. શૌચાલયના સારસંભાળ પર સરકાર લાખ્ખોનો ખર્ચ કરે છે. જેમાં સ્વચ્છતા, સાફસફાઈ તેમજ પાણીની વ્યવસ્થા સાથે આ તમામ શૌચાલયોને કાર્યરત કરવામાં આવે તો જ સ્વચ્છ ભારત મીશન કામ ચાલુ થશે. ઓફલાઈન તેમજ ઓનલાઈન થી કોન્ટ્રાકટર ટેન્ડરની પ્રક્રિયામાં શા કારણે વિલંબ કરવામાં આવે છે. મળતીયાઓને કોન્ટ્રાકટર આપવા માટે વિલંબ તો કરવામાં આવતો નથી ને તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

# દાહોદ જીલ્લામાં આજે ૧૪ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૪ કોરોના કેસો નોંધાતાં દાહોદમાં કોરોનાનો કુલ આંકડો ૨૭૦૮ ને પાર થઈ ચુક્યો છે. જાણવા મળ્યા પ્રમાણે આજે વધુ એક દર્દીનું કોરોનાથી મૃત્યુ થયું છે. આર.ટી.પી.સી.આર.ના ૩૧૩ પૈકી ૧૧ અને રેપીટ ટેસ્ટના ૭૬૨ પૈકી ૦૩ કેસ સામે આવ્યો નથી. આ ૧૪માંથી દાહોદ અર્બનમાંથી ૦૬, દાહોદ ગ્રામ્યમાથી ૦૨, ઝાલોદ અર્બનમાંથી ૦૫, ઝાલોદ ગ્રામ્ય માંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધું ૧૨ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૦૧ રહે પામી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી કુલ ૯૩ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યાં છે.

# દાહોદ નજીક અમદાવાદ-ઈન્દોર હાઈવે ઉપર સ્કોર્પીયો, ટ્રેક્ટર અને બે બાઈકો વચ્ચે અકસ્માત : એકનું મોત

દાહોદ,

દાહોદ શહેરને અડીને આવેલ અમદાવાદ-ઈન્દૌર હાઈવે સ્થિત આજરોજ સવારના અગીયારેક વાગ્યાના સમયગાળા દરમ્યાન ટ્રેક્ટર,સ્કોર્પિયોર અને બે બાઈકો વચ્ચે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતાં બે બાઈકો પર સવાર ચાર પૈકી એકનું ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ માર્ગ અકસ્માત એટલો ભયંકર હતો કે, સ્કોર્પિયો ગાડી ટ્રેક્ટર સાથે અથડાતાં સ્કોર્પિયોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. બાઈકો પર સવાર વધુ ત્રણ ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. મળતી પ્રાપ્તિ વિગતો અનુસાર, અમદાવાદ ઈન્દૌર હાઈવે ખાતે સવારના અગીયારેક વાગ્યાના સમયગાળા દરમ્યાન એક સ્કોર્પિયો ગાડીનો ચાલક અને એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતાં હતા અને તેજ સમયે બે મોટરસાઈકલ પર ત્યાંથી પસાર થઈ રહી હતી. આ દરમ્યાન આ ત્રણેય વાહનો જોતજોતામાં એકબીજા સાથે ધડાભારે અથડાતાં એકક્ષણે સ્તબ્ધતાનો માહોલ સર્જાઈ ગયો હતો અને બે બાઈકો પર સવાર ચાર પૈકી એકનું ઘટના સ્થળ પર જ ગંભીર ઈજાઓને પગલે મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ પોલીસ તેમજ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને થતાં તમામ કર્મચારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. આ ઘટનાને પગલે કલાકો સુધી ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા અને સાથો સાથે આસપાસના રહીશો પણ દોડી આવ્યાં હતાં. મૃતક તેમજ ઈજાગ્રસ્તોના પરિવારજનોને આ ઘટનાની જાણ થતાં તેઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતાં અને સ્થળ પર આક્રંદનો માહોલ પણ સર્જાયો હતો. કલાકો સુધીના ટ્રાફિક જામના દ્રશ્યોને પોલીસ દ્વારા ખોલી રાબેતા મુજબની અવર જવરની સ્થિતિને વેગ આપ્યો હતો. આ સમગ્ર મામલે પોલીસે તલસ્પર્શી તપાસ હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોરોના કાળમાં જન્મેલી દાહોદ જિલ્લાના આદિવાસી પરિવારની બાળકીનું નામ કોરોના પાડવામાં આવ્યું

દાહોદ,

કોરોનાની મહામારીના સમયે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગુલતોરા ગામની ગર્ભવતી મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતાં પ્રસુતિ માટે ઝાલોદ તાલુકાના મીરાખેડી પીએચસી સેન્ટર ખાતે લાવવામાં આવેલ મહિલાએ બાળકીને જન્મ આપતા આ બાળકીનો જન્મ કોરોના કાળમાં થયો હોવાથી શ્રમજીવી પરિવારે બાળકીનું નામ કોરોનાબેન રાખ્યાનું જાણવા મળ્યું છે. હાલ સમગ્ર વિશ્વ જયારે કોરોના મહામારી સામે જજુમી રહ્યું છે. તેવા સમયે દાહોદ જિલ્લામાં આદિવાસી પરિવારમાં જન્મેલી બાળકીનું નામ કોરોનાબેન રાખવામાં આવતા જિલ્લામાં જ ચર્ચાનો વિષય બન્યો છે. ઝાલોદ તાલુકાના ગુલતોરા ગામના આદિવાસી પરિવારના અલ્કેશભાઈના લગ્ન સમીબેન નામની તેમના જ સમાજની યુવતી સાથે સમાજના રીત રિવાજ મુજબ થયા હતા સમય જતા સમી બેન ગર્ભવતી તે કોરોના કાળમાં લોકડાઉન દરમિયાન પોતાના પિતાને ત્યાં પિયરમાં પ્રથમ પ્રસુતિ હોવાથી આવી હતી અને તારીખ ૨૦-૫-૨૦ ના રોજ લોકડાઉનના સમયે સમીબેનને પ્રસૂતિની પીડા ઉપડતાં સમીબેન ના માવતર તેણીને પ્રસૂતિ માટે મીરાખેડી પીએચસી સેન્ટર ખાતે લાવ્યા હતા જયા સમી સ્વસ્થ બાળકીને જન્મ આપ્યો હતો પ્રસૂતિ બાદ માતા તથા પુત્રી બંને સ્વસ્થ હોવાથી તેઓ બંને ને દવાખાનામાંથી રજા આપવામાં આવી હતી. કોરોના કાળમાં જન્મેલી આ બાળકીના નામકરણનો સમય આવ્યો ત્યારે બાળકીના માવતરે આ બાળકીનું રાજીખુશીથી અને સ્વસ્થચિતે કોરોના બેન નામ પાડ્યું હતું. હાલ કોરોનાનો સમય યાદ રહે અને મુશ્કેલીનો સમય યાદ રહે તે માટે આદિવાસી પરિવારની બાળકીનું નામ કોરોના રાખવામાં આવ્યું હતું. હાલા કોરોના નામની પોતાની વહાલસોયી દીકરીને લઈ આ શ્રમજીવી દંપતી મજૂરી કામ અર્થે ગુજરાતમાં અન્યત્ર ગયા હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે કોરોના કાળમાં જન્મેલી આ બાળકીનું નામ કોરોનાબેન રાખતા સમગ્ર જિલ્લામાં તે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

# દાહોદના નીમનળિયા ગામે ભારતીય ટ્રાયબલ પાર્ટીની ચુંટણીલક્ષી મીટીંગ યોજાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાના નીમનળિયા ગામે ભારતીય ટ્રાઈબલ પાર્ટી દાહોદ જિલ્લાના ઉપપ્રમુખ દેવેન્દ્રભાઈ મેડાના ઘરે દાહોદ તાલુકા-જીલ્લા પંચાયતની તમામ ઉમેદવારોની મિટીંગ યોજવામાં આવી અને ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું. જેમાં BTPના દાહોદ-ઝાલોદ-લીમખેડા-સીંગવડના હોદ્દેદારો-કાર્યકર્તાઓ પણ હાજર રહ્યા હતા અને આવનાર તાલુકા-જીલ્લા પંચાયતની ચુંટણી માટે રણનિતીની તથા સમાજને થઈ રહેલા અન્યાય માટે ચર્ચા કરવામાં આવી. મહત્વની વાત એ છે કે ડુંગરપુરમાં ભાજપ-કોંગ્રેસે મળીને BTP જોડે જે કૃત્ય કર્યું એનો વળતો જવાબ આપવા માટે ખાસ રણનિતી ઘડવામાં આવી.

# ફતેપુરામાં પતંગના દોરાથી બાઈક ચાલક યુવાનને ઈજાઓ

ફતેપુરા,

ફતેપુરા નગરના બલૈયા રોડ ઉપર કરોડિયા ગામના ૨૮ વર્ષિય યુવાનને પતંગના દોરાથી ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. યુવાનના ગળા પર ૧૫ ટાંકા આવતા ચર્ચાનો વિષય બન્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર કરોડિયા પુર્વ ગામે રહેતા મનોજભાઈ ધુળાભાઈ ખાંગુડા મોટર સાયકલ લઈને પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે અરસામાં ફતેપુરા નગરના બલૈયા રોડ પર મોટર સાયકલ ચલાવતા મનોજભાઈના ગળામાં પતંગનો દોરો આવી જતાં ગળુ કપાઈ ગયુ હતુ. મનોજને લોહિલુહાણ હાલતમાં તાત્કાલિક ફતેપુરા ખાનગી દવાખાને ખસેડાયો હતો. ત્યાં ગળામાં ૧૫ ટાંકા આવ્યા હતા.

# દાહોદ જીલ્લામાં વાહન ચોરોનો ત્રાસ : ટ્રેક્ટર અને બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે સ્થળોએ ફરી વાહન ચોર ટોળકીએ આતંક મચાવી એક ટ્રેક્ટર અને એક મોટરસાઈકલની ઉઠાંતરી કરી લઈ નાસી જતાં જાણે વાહન ચોર ટોળકી હવે પોલીસને જાહેરમાં ખુલ્લો પડકાર ફેંકી રહ્યા હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. વાહન ચોરીનો પ્રથમ બનાવ દાહોદ શહેરના પરેલ પ્રેમનગર સોસાયટીમાં બનવા પામ્યો હતો જેમાં ગત તા.૩૦ ડિસેમ્બરના રોજ શહેરના ગોધરા રોડ વિસ્તારમાં રહેતા મકસુદ અહેમદ ઈબ્રાહીમ બજારીયા (ઘાંચી) દ્વારા પોતાનુ મહીન્દ્રા સ્વરાજ ટ્રેક્ટર પરેલ પ્રેમનગર વિસ્તારમાં પાર્ક કર્યું હતું. આ ટ્રેક્ટરને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે મકસુદ અહેમદ ઈબ્રાહીમ બજારીયા (ઘાંચી) દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. બીજો વાહન ચોરીનો બનાવ ફતેપુરા તાલુકાના મારગાળા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.ફતેપુરાના પાટડીયા ગામે નિશાળ ફળિયામાં રહેતા દિનેશભાઈ કમલાભાઈ ભાભોર કોઈ કામ અર્થે મારગાળા ગામે આવ્યા હતા અને ત્યાં પોતાની મોટરસાઈકલ લોક મારી પાર્ક કરી ગયા હતાં. આ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ દિનેશભાઈની લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલ ઉઠાંતરી કરી લઈ નાસી જતાં આ સંબંધે દિનેશભાઈ કમલાભાઈ ભાભોરે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે દાહોદને વિકાસ કામોની ભેટ આપશે

દાહોદ,

રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દાહોદ જિલ્લાના નાગરિકોને રૂ. ૧૫૦૦ કરોડની વિકાસ કામોની ભેટ આપવા માટે તા.૮ને શુક્રવારે ઝાલોદ ખાતે પધારશે. દાહોદ જિલ્લાના ખેડૂતો માટે આશીર્વાદ રૂપ સાબિત થનારી રૂ. ૧૦૫૪ કરોડની કડાણા ઉદ્દવહન સિંચાઇ યોજનાના ભાગ-૧ના લોકાર્પણ કરશે. મુખ્યમંત્રીના કાર્યક્રમની વિગતો આપતા કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઝાલોદ નગરના પાદરમાં આવેલા મેલાણિયા ગામ સ્થિત આઇટીઆઇ પાસે મર્યાદિત લોકોની હાજરીમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભાને મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સંબોધિત કરવાના છે.

મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પિત થનારા વિકાસ કામોની યાદી જોઇએ તો રૂ. ૧૦૫૪ કરોડની કડાણા ઉદ્દવહન સિંચાઇ યોજના ભાગ-૧, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા રૂ. ૩.૨૮ કરોડથી નિર્મિત ડો. બાબા આંબેડકર ભવન, આદિજાતી વિભાગ દ્વારા ઝાલોદ ખાતે રૂ. ૭.૬૧ કરોડના સરકારી કુમાર છાત્રાલય, આરોગ્ય વિભાગના કુલ ૨.૪૦ કરોડથી નિર્મિત બે આરોગ્ય કેન્દ્રો અને જેટકો રૂ. ૨.૨૦ કરોડના ૬૬ કે. વી. સબ સ્ટેશનનું લોકાર્પણ કરશે.

એ જ પ્રમાણે ખાતમુહૂર્તની યાદી જોઇએ તો રૂ. ૨૨૬ કરોડની કડાણા ઉદ્દવહન સિંચાઇ યોજના ભાગ-૨, કડાણા આધારિત રૂ. ૨૧૩.૬૯ કરોડની ત્રણ પાણી પુરવઠા યોજના, પાણી પુરવઠા વિભાગની રૂ. ૧૪.૯૪ કરોડની બે ફળિયા કનેક્ટિવિટી યોજના અને રૂ. ૪ કરોડના ખર્ચથી નિર્માણ પામનારા ૬૬ કે. વી. સબ સ્ટેશનનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવશે.

# દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સામે ઉ.માધ્યમિક શિક્ષકસંઘ મેદાને પડ્યુ

દે.બારીઆ,

દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના અણઘડ વહીવટ અને શિક્ષકોને થતી અનેકવિધ હેરાનગતિ મુદ્દે ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મેદાને પડ્યુ છે. દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી પાસેની સંઘના પ્રમુખ દ્વારા આર.ટી.આઇ.હેઠળ વિવિધ માહિતી માટે અરજી કરવામાં આવતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ ગજેન્દ્રભાઈ પરમાર દ્વારા આર.ટી.આઇ.એકટ અન્વયે દાહોદ જિલ્લામાં હાલની એટલે ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં ખાલી પડેલ માદયમિક અને ઉચ્ચતર માદયમિક શિક્ષકોની વિષયવાર જગ્યાઓની યાદી,દાહોદ જિલ્લામાં વર્ગ બંધ થતાં જિલ્લામાં ફાજલ પડેલ શિક્ષકોની યાદી શાળાના નામ સાથે વિષય મુજબ તા.૩૧/૦૫/૨૦૨૦ સુધીમાં નિવૃત્ત થયેલ શિક્ષકોની કેટલી ફાઈલો આવી અને કેટલી ફાઈલોનો નિકાલ થયો તેની માહિતી પાંચ વર્ષ પુર્ણ થતાં કેટલા શિક્ષકોના પુરા પગારની ફાઈલો પેન્ડિંગ છે ?તેની માહિતી તફાવત બિલો, રજા રોકડ રૂપાંતર, જી.પી.એફ બિલો તથા અન્ય કોઈ બિલનુ ચુકવણી બાકી હોય તો કયા નાણાંકિય વર્ષથી બાકી છે, તેના કર્મચારીઓની યાદી આપી શાળાનુ નામ અને ચુકવણુ ન કરવાના કારણો સહિતની વિગતવાર માહિતી, જિલ્લા શિક્ષણાધિકારી દાહોદની કચેરીના નાગરિક અધિકારપત્રની પ્રમાણિત નકલ જેવા મુદ્દાઓની સ્પષ્ટ માહિતી માંગવામાં આવતા શિક્ષણ આલમમાં ચર્ચાનો વિષય બન્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 116

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા ખાણ-ખનિજ વિભાગના કલાર્ક

# અમૃત પટેલની કાર માંથી પ લાખની રોકડ સાથે ACB એ ઝડપ્યા

ગોધરા,
પંચમહાલ જીલ્લા ખાણ-ખનિજ વિભાગના કલાર્કના કારમાં પ લાખ રૂપીયા રોકડા હોવાની માહિતી એસીબીને ટોલ ફ્રી નંબર ઉપર થી મળી હતી. બાતમીના આધારે એસીબી ટીમે વોચ ગોઠવીને કલાર્ક અમૃત પટેલની કારને રોકી તપાસ દરમ્યાન કારમાંથી પ લાખ રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા. એસીબી દ્વારા ઝડપી પાડવામાં આવેલ અધિકારીઓ બેફામ લાંચ ઉઘરાવી રહ્યા હોવાનું અનેકવાર ચર્ચાનો વિષય બનતો હોય છે. ખાણ-ખનિજના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરનો વહીવટ કરીને ગેરકાયદેસર રેતીની લીઝો અને ઈંટોના ભઠ્ઠાઓ ધમધમતા



સરકારી તિજોરીને કરોડો રૂપીયાનો ફટકો પડતો હોય છે. જીલ્લામાં ખનિજ માફિયાઓ બેફામ બનીને ખનિજ ચોરી કરતા હોય તેવા ખનિજ માફિયાઓને ખાણ-ખનિજ વિભાગની ઓથ હોવાથી કાયદાનો ડર રાખ્યા વગર બેફામ બનીને ખનિજ ચોરી કરતા હોય છે. તેવા અનેક આક્ષેપો અવારનવાર થતા રહે છે. આજરોજ ગોધરા ખાણ-ખનિજ વિભાગમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા અમૃત પટેલ

આજરોજ પાંચ લાખની રોકડ સાથે એસીબીના સકંજામાં આવેલ ખાણ-ખનિજના અમૃત પટેલ અગાઉ પણ વિવાદોમાં રહયા છે. હાલોલ હાઈવે રોડ ઉપર ખનિજ ભરી પસાર થતાં વાહનોને ઝડપી તોડબાજી કરવા માટે પોતાની પ્રાઈવેટ સીક્યોરીટી ગાર્ડ (બાઉન્સરો) સાથે હાઈવે રોડ ઉપર ગોઠવાઈને તોડબાજી કરતા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. જ્યારે આજરોજ પાંચ લાખની રોકડ સાથે એસીબીના સકંજામાં આવ્યા છે. ત્યારે અગાઉ તેમના દ્વારા આચરવામાં આવેલા કૃત્યો સાચા ઠરી રહ્યા હોય તેમ જણાય છે.

### પંચમહાલ જિલ્લાના ખાણ-ખનિજ વિભાગના અધિકારી બેફામ ભ્રષ્ટ હોવાથી પંચમહાલ જિલ્લામાં ખનીજ માફિયાઓ સક્રિય

પંચમહાલ જિલ્લાના ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ બેફામ ભ્રષ્ટ હોવાથી ચલાલી સુલતાનપુરા રોયણ સગનપુરા પરૂના ઘૂસર સુરેલી ચોરા ડુંગળી કાલોલ ગોમા નદી સહિત અનેક ગામોની નદીઓ માંથી પાસ પરમીટ વગર લાખો ટનનું બેફામ ખનન પંચમહાલ જિલ્લાના ખાણ-ખનીજ વિભાગના ભ્રષ્ટ અધિકારીઓના આશીર્વાદથી અનેક ગામોમાં ખનીજ માફિયાઓ દ્વારા તળાવો ની માટીનું ખનન પંચમહાલ જિલ્લાના ખાણ-ખનીજ વિભાગના ભ્રષ્ટ અધિકારીઓના આશીર્વાદથી પંચમહાલ જિલ્લામાં ઈંટોના ભઠ્ઠાઓ પર રોયલ્ટી ચલણ કરતા વધુ ધમ ધમે છે.

ખાણ-ખનિજ વિભાગના કર્મચારી અમૃત પટેલને પાંચ લાખની રોકડ રકમ સાથે એસીબી એ ઝડપી લેતાં ખાણ-ખનિજ વિભાગના અન્ય ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે. સાથે આ તપાસનો રેલો ક્યાંક પોતાની નીચે ન આવે તેની ચિંતામાં પડયા છે.

ગોધરા ખાણ-ખનિજ વિભાગમાં ફરજ બજાવતા કલાર્ક અમૃત પટેલને કાર માંથી પાંચ લાખની રોકડ સાથે એસીબી એ ઝડપી પાડયા છે. તેવી માહિતીને લઈ અન્ય ભ્રષ્ટ કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. સાથે અવાર-નવાર ખાણ-ખનિજમાં ભ્રષ્ટાચાર ચાલતો હોવાને સાર્થક કરતો હોય તેવા બનાવ એસીબીની પકડમાં આવ્યો છે.

ગોધરા ખાણ-ખનિજ વિભાગમાં ફરજ બજાવાત અમૃપ પટેલની એસીબી દ્વારા કારમાં લઈ જવાતા પાંચ લાખ રૂપીયાની રોકડ સાથે એસીબી દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. ત્યારે આ આટલી મોટી રકમ કયાંથી અને કોની પાસેથી મેળવાઈ તે દિશામાં તપાસ શરૂ કરાય તો આવા ભ્રષ્ટ કર્મચારી દ્વારા આવા કેટલા વહિવટ અગાઉ કરાયા છે. તે પણ ખુલી શકે તેમ છે.

કલાર્કની પૂછપરછ શરૂ કરી છે.
પંચમહાલ જીલ્લા ખાણ-ખનિજ વિભાગમાં મોટા પાટે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોવા અને ખાણ-ખનિજ વિભાગના રાખતા હોય છે. કાલોલ તાલુકામાં ગોમા નદીના પટમાં ખનિજ માફિયાઓ ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરતા હોવાની અનેક ફરિયાદો અવાર-નવાર સામે આવતી હોય છે પરંતુ ખાણ-ખનિજ વિભાગના ભ્રષ્ટ વહીવટને લઈ આવા ખનિજ માફિયાઓ સામે કાર્યવાહી થતી નથી. જેને લઈ પોતાની મારૂતી કારમાં પ લાખ રૂપીયાની રોકડ લઈને જઈ રહ્યા છે. તેવી બાતમી એસીબી વિભાગને ટ્રોલ ફ્રી નંબર ઉપર થી મળી હતી. એસીબી વિભાગ દ્વારા ખાણ-ખનિજ વિભાગના કલાર્ક અમૃત પટેલની વોચ ગોઠવી હતી અને ગોધરા અમદાવાદ હાઈવે રોડ ઉપર થી ખાણ-ખનિજ વિભાગના કલાર્ક અમૃત પટેલને ઝડપી પાડવામાં આવ્યા હતા. એસીબી દ્વારા અમૃત પટેલની કારની તપાસ કરતાં કાર માંથી પ લાખ રૂપીયા રોકડા મળી આવ્યા હતા. એસીબી દ્વારા ખાણ-ખનિજ વિભાગના કલાર્કને પાંચ લાખની રોકડ સાથે ઝડપી પાડીને આ કયાંથી આવી તે બાબતે પુછપરછ હાથ ધરી છે. ખાણ-ખનિજ ખાતાના કલાર્ક પાસેથી મળેલ પાંચ લાખની રોકડ લાંચની હોવાની શંકાના આધારે હાલમાં એસીબી દ્વારા અમૃત પટેલને ઝડપીને પાંચ લાખની રકમ કયાંથી આવી તે દિશામાં તપાસ હાથ ધરી છે.

## શહેરા તાલુકા પંચાયતમાં પ્રધાનમંત્રી આવાસ ગ્રાન્ટ નહિ આવતાં લાભાર્થીઓ મુશ્કેલીમાં

શહેરા,
શહેરા તાલુકા પંચાયત ખાતે પ્રધાન મંત્રી આવાસ યોજનામા બે માસ થી ગ્રાન્ટ નહી આવતા ૧૦૦૦ થી વધુ લાભાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. તાલુકાના જાગૃત પ્રજાજનો દ્વારા ક્યેરી ખાતે લેખિતમાં આવાસ યોજનાના લાભાર્થીઓ ને વહેલી તકે હપ્તો મળે તે માટે રજૂઆત કરવામાં આવી હતી.

શહેરા તાલુકા મા સરકાર દ્વારા ચાલતી પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભ થકી ગરીબ અને પછાત લોકોને પાકા આવાસ થકી પોતાના ઘરના ઘરનું સ્વપન સાકાર થતું દેખાયું છે. પ્રધાન મંત્રી આવાસ યોજનામાં પાછલા બે મહિના ઉપરાંતના સમય વિત્યા બાદ પણ ગ્રાન્ટના નાણાં ન ફળવાતા લાભાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. છેલ્લા કેટલાય દિવસોથી ઠંડીએ પોતાનું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

સામ્રાજ્ય જમાયું છે. તેવા વખતે અધુરૂ રહી ગયેલ ઘર પર કોઈ છત નહી હોવાથી અમુક ગરીબ લાભાર્થી સમયે ગ્રાન્ટ ન મળતાં બરાબર સલવાયો હોવાનું મહેસૂસ કરે છે. જાણવા મળ્યા મુજબ એક હજારથી પણ વધુ લાભાર્થીઓને ગ્રાન્ટ ન મળતા તેઓમાં રીતસરનો કચવાટ અને તંત્ર તરફે રોષ જોવા મળી રહ્યો છે, જે અનુસંધાનમાં ગુરૂવારના રોજ તાલુકાના જાગૃત નાગરિક જે.બી.સોલંકી, ગુણવંત બારીયા સહિત અમુક લાભાર્થી તાલુકા પંચાયત ક્યેરીએ આવી પહોંચ્યા હતા અને તાલુકા વિકાસ અધિકારી સરકારી કામ અર્થે બહાર હોવાથી તેમની જ્ગ્યાએ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી એમ.બી. ચૌહાણ ને લેખિત અને મોખિક રજૂઆત કરી હતી જેમાં પ્રધાન મંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને બાકી રહેલ હપ્તો વહેલી તકે ચૂકવવામાં આવે અને મનરેગા શાખામાં થયેલ કામોના બિલો વહેલી તકે કાઢવા સાથે કામોની તપાસ થાય તેવી માંગ પણ કરી હતી. પ્રધાન મંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને સમયસર હપ્તાનું ચુકવણું થાય તો તેઓ પોતાનો સમય અને પૈસાનો વ્યય થતો અટકાવી શકે અને તેઓનું પોતાના પાકા મકાનનું સપનું સાકાર થાય. ત્યારે પ્રધાન મંત્રી આવાસ યોજનામાં વહેલી તકે ગ્રાન્ટ આવે તે માટે સબંધિત તંત્ર પ્રયાસો કરે તે જરૂરી બન્યું છે.

## ગોધરા LCB પોલીસે વિશ્વાસ ઠગાઈના ગુનાના વોન્ટેડ આરોપીને ઝડપ્યો

ગોધરા,
પંચમહાલ જિલ્લા તેમજ ગોધરા રેન્જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા રેન્જ તેમજ જિલ્લામાં નાસ્તા ફરતા વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે સૂચના આપી હતી. જેને લઈને એલસીબી પીઆઈ ડી એન ચુડાસમા દ્વારા બાતમીદારો રોકીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે અમદાવાદ સોલા હાઈકોર્ટ પોલીસમથકે નોંધાયેલા વિશ્વાસઘાત ઠગાઈના ગુનામાં વોન્ટેડ આરોપી જિતેન્દ્રકુમાર પટેલ સફેદ કલરની નંબર વિનાની કાર લઈને અમદાવાદ થી નીકળી ચુવા થઈને ગોધરા કોઠી સ્ટીલ ત્રણ રસ્તા પાસે જવાનો છે. જેના આધારે પોલીસે વડોદરા રોડ પર કોઠી સ્ટીલ ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. ત્યારે બાતમીના વર્ણન મુજબની કાર આવતા પોલીસે તેને રોકી હતી અને અંદર બેઠેલા ઈસમની ખાતરી કરતા પોતે જીતેન્દ્ર કાંતિલાલ પટેલ હોવાનું ખુલ્યું હતું. જેને લઈને પોલીસે આરોપીની અટકાયત કરીને અમદાવાદ શહેર પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી હતી. અટકાયત કરેલા આરોપીની ઈ ગુજકોપ મોબાઈલમાં સર્ચ કરતા ઉપરોક્ત આરોપી અન્ય બે ઠગાઈ અને વિશ્વાસઘાતના ગુનાઓમાં પણ વોન્ટેડ હોવાનું બહાર આવ્યું હતું.

## ગોધરા તાલુકાના સામલી ગામના એક વ્યકિતએ ગાડીનો હપ્તો ભરવાના ટેન્શનમાં ઝેરી દવા ગટગટાવી લીધી

ગોધરા,
ગોધરા તાલુકાના સામલી નવાપુરા ફળિયામાં રહેતા જિગ્નેશકુમાર રાઉલજી એ ગત શનિવારના રોજ બપોરના એક વાગ્યાના અરસામાં પોતાની ઈકો ગાડીનો હપ્તો ભરવાના ટેન્શનમાં ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેને લઈને તેઓના પરિવારજનો દ્વારા તેઓને ગોધરા ખાતે આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ગોધરા તાલુકા પોલીસમથકે જાણવાજોગ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા ડોકટરના મુવાડા ગામે રાત્રીના સમયે લાગેલી આગમાં સંપૂર્ણ ઘર બળીને ખાક

ગોધરા,
ગોધરા તાલુકાના ડોક્ટરના મુવાડા ગામે આવેલી પ્રાથમિક શાળા પાછળ આવેલ ફળિયામાં ગત શુક્રવારના રોજ રાત્રીના ૨ વાગ્યાના અરસામાં એકાએક આગ ભભૂકી ઉઠી હતી. આ આગની ઘટનામાં આરતસિંહ પટેલનું ઘર બળીને ખાક થઈ ગયું હતું. જેમાં ઘરની અંદર રાખેલો અનાજ અને ઘરનો સમાન બળીને ખાક થઈ ગયો હતો. આ બનાવ અંગે ગોધરા તાલુકા પોલીસમથકે જાણવાજોગ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૮૪૩ થયો

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૯ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૯ પોઝીટીવ કેસ સાથે પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૮, હાલોલ-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ

**- ૧૫ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૯૦.**
**- મૃત્યુ આંક - ૧૩૬.**

અત્યાર સુધીનો કુલ આંક ૩૮૪૩ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૯ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## મોરવા(હ) કોંગ્રેસ પાર્ટીની લઘુમતી મોરચાના મહામંત્રી તરીકે મકસુદભાઈ શેખની વરણી



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ),
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીતભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીની સૂચનાથી પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટી દ્વારા મોરવા હડફ કોંગ્રેસ પાર્ટીના આગેવાન કોંગ્રેસ પાર્ટીના સક્રીય કાર્યકર યુવાનોની સાથે લઈને ચાલનાર નિસ્વાર્થ કોંગ્રેસ માટે મહેનત કરનાર મકસુદભાઈ સલામભાઈ શેખની મોરવા હડફ કોંગ્રેસ પાર્ટીના લઘુમતી મોરચાના મહામંત્રીની નિમણૂંક કરવામાં આવી.

## પંચમહાલના અછાલા અને રૂપારેલ ગામમાં આત્મા પ્રોજેકટ દ્વારા કિસાન ગોષ્ઠીનું આયોજન

ગોધરા,
રાજય કોરોનાનાં ભરડામાંથી ધીમેથી બહાર આવી રહ્યું છે. ત્યારે આપણી સૌની ફરજ બને છે કે કોવિડને અટકાવવા માટે આપણે સતર્કતા અને સાવચેતી રાખવીએ. તેના મુખ્ય પાસારૂપ હોય તો તે છે આપણને જોઈતો રોગ પ્રતિકારકતા ધરાવતો ખોરાક, શાકભાજી, ફળ, અનાજ વગેરેનું રોજિંદા આહારમાં સેવન એટલે કે રાસાયણિક ખાતર તેમજ જંતુનાશક દવાનો નહિવત ઉપયોગ અને એ જ આપણને અને આપણી ભાવી પેઢીઓને સુરક્ષિત રાખી શકે છે. જે અંતર્ગત આજે ૭મી તારીખે





તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

પંચમહાલ જીલ્લાના અંતરિયાળ આદિવાસી ગામ અછાલા અને રૂપારેલમાં આત્મા પ્રોજેકટ દ્વારા કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોને પાયાનું ખેતી અંગે સચોટ અને વૈજ્ઞાનિક માર્ગદર્શન આપવા તેમજ ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણના ભાગરૂપે કોવિડનાં નિયમોનું ચુસ્ત પાલન એટલે કે માસ્ક, સામાજિક અંતર અને સેનીટાઈઝેશનનો ઉપયોગ કરી કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડેરોલ કૃષિ સંશોધન કેન્દ્રના વડા ડો.આર.જી. મછારે અત્યારની ખેતીમાં આવતી મુશ્કેલીઓ તેમજ તેને નિવારવાના ઉપાયો સરળ તેમજ દેશી ભાષામાં જણાવ્યા હતા. વૈજ્ઞાનિક ગીરીશભાઈએ પાકમાં આવતી રોગ જીવાત અને ખાસ કરીને મકાઈના પાકમાં આવતી FAW એટલે કે ચાર ટપકા વાળી ઈયળને અટકાવવા માટેની માહિતી કાર્યક્ષમ દવાનો ઉપયોગથી અટકાયતી પગલા લેવા માટે માર્ગદર્શન પૂરૂં પાડયું. આત્માના પ્રોજેક્ટ મેનેજરે પ્રાકૃતિક ખેતી અંગે જીવામૃત તેમજ બીજામૃતની માહિતી આપી દેશી ગાય આધારિત ખેતી કરી ખેતી ખર્ચ બચાવવાની માહિતી આપી હતી. આદિવાસી વિસ્તારમાં વૃક્ષો અને જંગલોના મહત્વ વિષે ડે.ડાયરેકટરે શેઢા પાડા, બિન ઉપજાઉ તેમજ ઘર આંગણે વૃક્ષો અને ફળાઉ ઝાડનું વાવેતર કરવાથી હાલના પર્યાવરણને આપણે બચાવી શકીએ તેમજ એક ચોક્કસ પ્રકારની આવક પ્રાપ્ત કરી શકીએ તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ, માજી સરપંચ અને ખેડૂત ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. ભવિષ્યમાં ઉપયોગમાં આવનાર કૃષિ સુધારોના કાયદા તેમજ ખેત બજાર વ્યવસ્થા વિષે ઊંડાણપૂર્વક ચર્ચા કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ગોધરા તેલંગ હાઈસ્કુલ ખાતે મા.શાળાના સહાયક શિક્ષકોને નિમણૂંક પત્ર એનાયત કરાયા



ગોધરા,
ગોધરાની તૈલંગ હાઈસ્કુલ ખાતે સરકારી માધ્યમિક શાળાઓમાં સહાયક શિક્ષકો તરીકે પસંદ પામેલા ઉમેદવારો ને નિમણુંક પત્ર આપવામાં આવેલ હતા. ૧૪ જેટલા શિક્ષણ સહાયકોને ધારાસભ્ય અને જિલ્લા શિક્ષણાધિકારીના હસ્તે નિમણૂંકપત્રો એનાયત કરાયા હતા.

રાજ્ય સરકાર દ્વારા માધ્યમિક શિક્ષણક્ષેત્રે કુલ ૧૨૪૪ શિક્ષણ સહાયકોને નિમણુંક આપવામાં આવી છે. પંચમહાલ જિલ્લામાં પણ ૧૪ શિક્ષણ સહાયકોને ગોધરા ખાતે આવેલ સરકારી તેલંગ વાણિજ્ય વિદ્યાલય ખાતે જિલ્લામાં નિમણૂંક થયેલા આ ૧૪ શિક્ષણ સહાયકોને ધારાસભ્ય સી.કે.રાઉલજીના હસ્તે નિમણુંકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય સી.કે.રાઉલજીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકાર પારદર્શક અને સંવેદનશીલ સરકાર છે. આ અભિગમ અંતર્ગત જ શિક્ષક સહિતની ભરતી પ્રક્રિયાઓ સંપૂર્ણપણે પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી છે. ઓનલાઈન માધ્યમથી થતી આ પ્રકારની ભરતી પ્રક્રિયાના પરિણામે લાગવગ કે લાંચરૂશ્વતને કોઈ અવકાશ રહેતો નથી અને લાયક ઉમેદવારોને જ નોકરી મળવા પામે છે. જેથી સમગ્રપણે શિક્ષણનું સ્તર પણ ઊંચે જશે. શિક્ષક બાળકના ચારિત્ર્યનું અને આવતીકાલના નાગરિકનું નિર્માણ કરતા હોવાથી દેશ અને સમાજના સારા ભવિષ્ય ઘડતરમાં શિક્ષકની ભુમિકા ખૂબ અગત્યની છે. તેમ જણાવતા આ ૧૪ શિક્ષકોને જિલ્લાના શિક્ષણક્ષેત્રે આવકાર્યા હતા. અંગ્રેજીના ૩, સોશિયલ સાયન્સના ૩, ગુજરાતીના ૩, સાયન્સ અને ટેક્નોલોજી તેમજ મેથેમેટિક્સના ૦૫ શિક્ષણ સહાયકોને આ કાર્યક્રમમાં નિમણુંકપત્રો આપવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર દ્વારા પણ નવનિયુક્ત થયેલા આ શિક્ષક મિત્રોને અભિનંદન પાઠવવા સાથે આવકારવામાં આવ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. પંચાલે કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને એજ્યુકેશન ઈન્સ્પેક્ટર મેહુલભાઈ પારેખે કાર્યક્રમની આભારવિધિ કરી હતી. ૧૪ જેટલા પસંદગી પામેલા ઉમેદવારોમાં અને તેમના પરિવારમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી.

## હાલોલ અનુપમ સોસાયટીમાંથી હત્યા કરાયેલ મહિલાનો મૃતદેહ મળ્યા બાદ તપાસમાં પતિએ હત્યા કરી હોવાનો ખુલાસો

ગોધરા,
હાલોલમાં પાંચ દિવસ અગાઉ અનુપમ સોસાયટીના બંધ મકાનમાંથી વિકૃત હાલતમાં મહિલાની લાશ મળી આવી હતી. પોલીસે લાશનુ પંચનામુ કરી પીએમ કર્યા બાદ હત્યાના ગુનાની ફરિયાદ નોંધાઈ હતી. આ હત્યાના ગુનાની તપાસ ગોધરા એલસીબી પોલીસે શરૂ કરી હતી. એલસીબી પીઆઈ ડી.એન. ચુડાસમાંને બાતમી મળી હતી કે, હાલોલ શહેરમાં અનુપમ સોસાયટીના કમ્પાઉન્ડમાં આવેલ ઓરડીમાંથી મહિલાની લાશ મળેલ છે તે મહિલાની હત્યામાં તેના પતિ કાળુભાઈ કાગડાભાઈ રાઠવા (રહે.ઝાંખરીયા, ફાટા ફળિયુ, તા.હાલોલ)નાઓ સંડોવાયેલા છે. તેવી બાતમીના આધારે એલસીબી પોલીસે તપાસ કરીને મહિલાના પતિને વિશ્વાસમાં લઈ પુછપરછ કરતા તેને જણાવેલ કે, પોતાની પત્નિ નામે ચંચીબેન નાઓને સરતાનભાઈ વેચાતભાઈ બારીયા (રહે.વડાતલાવ, તા.હાલોલ)નાઓની સાથે આડા સંબંધ રાખતી હોવાને કારણે આશરે એકાદ માસ ઉપર હાલોલ અનુપમ સોસાયટીમાં જે ઓરડીમાં રહેતી હતી ત્યાં જઈ તે ઓરડીમાં રાત્રિના વખતે માથામાં પાવડાના મુદરના બે ફટકા મારી તેનુ મોત નીપજાવેલ હોવાની કબુલાત કરી હતી. ગોધરા એલસીબી પોલીસે ગણતરીના દિવસોમાં હાલોલ પોલીસ મથકનો હત્યાનો ગુનાનો ભેદ ઉકેલી હત્યારા પતિની અટકાયત કરી હતી.

## કાલોલના ડેરોલ સ્ટેશન રોડ ઉપર દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

કાલોલ,
કાલોલના ડેરોલ સ્ટેશન માર્કેટયાર્ડ સામે રહેતા ઈસમે પોતાના કબ્જામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરે છે. તેવી બાતમીના આધારે રેડ કરી ૧૩૦૦/-રૂપીયાના દારૂના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલના ડેરોલ સ્ટેશન માર્કેટયાર્ડ સામે રહેતા અશ્વિન ગણપતભાઈ પરમાર ઈંગ્લીશ દારૂનો જથ્થો પોતાના કબ્જામાં રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન દારૂની કાચની બોટલ-૧, પ્લાસ્ટીક કવાટરીયા નંગ-૬ મળી ૧,૩૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.